જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । મંગળવાર । તા. ૧૯-૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

પુલવામા એન્કાઉન્ટર: મેજર સહિત ચાર જવાન શહિદ, બે આતંકી ઠાર



પુલવામા

સીઆરપીએફના ૪૦ જવાન આતંકવાદી હુમલામાં શહીદ થયા બાદ આતંકીઓ સામે ઑપરેશન શરુ કરાયુ છે. જેમાં ગત મોડી રાતથી આજે સોમવાર સવાર સુધી ચાલેલ અથડામણમાં ૫૫ રાષ્ટ્રીય રાઈફલ્સના મેજર સહિત ચાર જવાન શહીદ થયા છે. અથડામણમાં શહીદ થયેલા જવાનમાં મેજર ડીએસ ડોડિયાલ, હેડ કોન્સ્ટેબલ સેવા રામ, સિપાહી અજય કુમાર અને હરિ સિંહનો સમાવેશ થાય છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સુરક્ષાદળોને ગત રાત્રે માહિતી મળી હતી કે પુલવામાના પિંગલિના વિસ્તારમાં બે થી ત્રણ આતંકવાદીઓ છુપાયા હતા. જયાર બાદ ગત રાત્રે ૧૨ વાગ્યાથી આતંકીઓ અને સેનાના જવાનો વચ્ચે ફાયરિંગ શરુ થયુ હતું. જેમાં એક મેજર સહિત ચાર જવાન શહીદ થયા. આ તમામ જવાન ૫૫ રાષ્ટ્રીય રાઈફલ્સમાં ફરજ બજાવતા હતા. આ દરમિયાન એક સ્થાનિક નાગરિકનું પણ મોત થયુ હતુ. સમગ્ર વિસ્તારને ઘેરી લેવામાં આવ્યો હતો તથા ઈન્ટરનેટ સેવા બંધ કરવામાં આવી હતી.

તાજેતરમાં જમ્મુ-કાશ્મીરના પુલવામામાં સીઆરપીએફના ૪૪ જવાનોને શહીદ કરનાર ખોફનાક આતંકી હુમલાના બદલારૂપે આજે પુલવામામાં જ સુરક્ષાદળોએ આ આતંકી હુમલાના માસ્ટર માઈન્ડ અબ્દુલ રશીદ ગાઝીને ઠાર માર્યો હતો. ગઇ કાલે મોડી રાતે શરૂ થયેલ અથડામણમાં સુરક્ષાદળોએ કામરાન નામના એક અન્ય આતંકીને પણ ઠાર માર્યો હતો.

પુલવામા હુમલાના માસ્ટર માઈન્ડ અબ્દુલ રશીદ ગાઝી સાથે કામરાન પણ તેની ષડ્યંત્રણમાં સામેલ હતો. આ અથડામણમાં એક મેજર સહિત સુરક્ષાદળના ચાર જવાન પણ શહીદ થયા હતા, જોકે અબ્દુલ રશીદ ગાઝી ઠાર મરાયાના અહેવાલને હજુ સુધી સત્તાવાર સમર્થન આપવામાં આવ્યું નથી. ૧૧ કલાક કરતાં વધુ સમય ચાલેલ અથડામણમાં પુલવામા હુમલાના બંને માસ્ટર માઈન્ડને ઠાર મારીને સુરક્ષાદળોએ આજે બદલો લઇ લીધો હતો.

સુરક્ષાદળોએ ગ્રેનેડથી જ્યાં રશીદ અને કામરાન છુપાયા હતા તે ઈમારતોને ઉડાવી દીધી હતી. અબ્દુલ રશીદ ગાઝી અને કામરાન પુલવામા હુમલા બાદ નાસી જવામાં સફળ રહ્યા હતા જયારે એક આતંકી મોહંમદ આબીલ ડાર આત્મઘાતી હુમલામાં માર્યો ગયો હતો. જૈશના વડા મૌલાના મસૂદ અઝહરના સૌથી વિશ્વસનીય સાગરીતોમાં ગાઝીનો સમાવેશ થતો હતો. તેને યુદ્ધ ટેકનિક અને આઈઈડી બનાવવાની તાલીમ તાલિબાન પાસેથી મળી હતી.

૧૪મી ફેબ્રુઆરીના રોજ એટલે કે ગુરૂવારે પુલવામા જિલ્લામાં સીઆરપીએફના કાફલા પર આતંકી હુમલો થયો હતો. આ હુમલામાં સીઆરપીએફના ૪૦ જવાનો શહીદ થયા હતા. પુલવામામાં સીઆરપીએફના કાફલા પર એટેકને લઇ આખા દેશમાં આક્રોશ છે. પુલવામા હુમલા બાદ કેન્દ્ર સરકાર પણ એકશનમાં છે.

ડીઆઈજીને પગમાં ગોળી વાગી
પુલવામા અથડામણ યથાવત્: ડીઆઈજી સહિત લેફ્ટિનેટ કર્નલ સહિત ત્રણ જવાન ઘાયલ

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં ગઈકાલે રાત્રે ૧૨ વાગ્યાથી હાથ ધરવામાં આવેલુ એકાઉન્ટર હજી પણ યથાવત છે. આજે સવારે એકાઉન્ટરમાં જૈશ-એ-મોહમ્મદના બે આતંકીઓને ઠાર કરાયા હતાં. ત્યાર બાદ આજે સાંજે DIGને પગમાં ગોળી વાગી છે. ઈજાગ્રસ્ત DIG અમિત કુમારને તત્કાળ સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાંઆં આવ્યા છે. આ ઉપરાંત લેફ્ટિનેંટ કર્નલ સહિત વધુ ૩ જવાનો ઘાયલ થયા છે.

દેશના જવાનોનું મનોબળ વધ્યુ, આતંકીઓનો ખાત્મો કરવામાં આપણે સફળ: રાજનાથ સિંહ

જમ્મુ કાશ્મીરના પુલવામા CRPFના કાફલા પર થયેલા હુમલા બાદ ખીણમાં આતંકવાદીઓ વિરુદ્ધ ઑપરેશન ચાલુ છે. પુલવામામા સોમવારે થયેલી અથડામણમાં બે આતંકવાદીઓને ઠાર માર્યા છે. જોકે, આમાં સેનાના ચાર જવાન પણ શહીદ થયા છે. આ વચ્ચે મીડિયા સાથે વાત કરતા ગૃહમંત્રી રાજનાથ સિંહે કહ્યુ કે દેશના જવાનોનું મનોબળ ઘણુ ઉંચુ છે. રાજનાથ સિંહે કહ્યુ કે દેશના જવાન આતંકવાદનો સફાયો કરવામાં સફળ થઈ રહ્યા છે. અગાઉ રવિવારે ભુવનેશ્વરમાં રાજનાથ સિંહે કહ્યુ હતુ કે પુલવામા હુમલાનો બદલો લઈને રહેશે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

આંતરરાષ્ટ્રીય કોર્ટમાં જાધવ વિરુદ્ધ સુનાવણી શરુ, આજે પાક વકીલ દલીલ રજૂ કરશે

પાકિસ્તાન ICJના મંચનો ખોટો ઉપયોગ કરી રહ્યું છે: ભારત



ભારત ૨૦ ફેબ્રુઆરીએ તો ૨૧ ફેબ્રુઆરીએ ઈસ્લામાબાદ અંતિમ દલીલ રજૂ કરશે, જાધવ વિરૂદ્ધ પાકિસ્તાન જાસૂસીના વિશ્વસનીય પુરાવા ન આપી શક્યું

ધ હેગ

પુલવામામાં CRPF જવાનો પર જૈશ-એ-મોહમ્મદના હુમલાના ચાર દિવસ પછી ભારત અને પાકિસ્તાન કુલભૂષણ મામલે સામસામે આવ્યાં. પૂર્વ ભારતીય નેવી અધિકારી જાધવને સંભળાવવામાં આવેલી મોતની સજાને લઈને ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (ICJ)માં સોમવારથી સુનાવણી શરૂ થઈ ગઈ. આ સુનાવણી ચાર દિવસ સુધી ચાલશે. સોમવારે ભારતીય વકીલ હરીશ સાલ્વેએ દલીલ રજૂ કરી. તેઓએ કહ્યું કે પાકિસ્તાન ICJના મંચનો ખોટો ઉપયોગ કરી રહ્યું છે. પાકિસ્તાન જાધવ વિરૂદ્ધ જાસૂસીના વિશ્વનિય પુરાવા રજૂ નથી કરી શક્યા. મંગળવારે પાકિસ્તાની વકીલ ખાવર કુરૈશી દલીલ રજૂ કરશે. જે બાદ ભારત ૨૦ ફેબ્રુઆરીએ તેના પર જવાબ આપશે, જ્યારે ઈસ્લામાબાદ ૨૧ ફેબ્રુઆરીએ પોતાની અંતિમ દલીલ રજૂ કરશે. આ વર્ષે આ કેસમાં ચુકાદો આવવાની આશા છે.

એક વિયેના સંધીનું ઉલ્લંઘન કરી જાધવને કોન્સ્યુલર એક્સેસ ના આપવો અને બીજું વાટાઘાટની પ્રક્રિયાનો ભંગ. ભારત તરફથી પૂર્વ સોલિસિટર જનરલ હરિશ સાલવેએ જણાવ્યું હતું કે, 'આ એક દુર્ભાગ્યપૂર્ણ કેસ કહી શકાશે જેમાં એક માસૂમ ભારતીયનો જીવ જોખમમાં છે. પાક.ની વાર્તા ફક્ત મનઘડત છે અને કોઈ પુરાવા નથી.' જાધવને વકીલની મદદ વગરની કસ્ટડી કાયદાની વિરુદ્ધ જાહેર થવી જોઈએ. સાલવેએ વધુમાં ઉમેર્યું કે, 'પાકિસ્તાન આ મંચનો દુરૂપયોગ કરી પોતાનો પ્રોપોગેન્ડા ચલાવી રહ્યું છે. પાકિસ્તાને કોઈપણ પ્રકારનો વિલંબ કર્યા વગર કોન્સ્યુલર એક્સેસ આપવો જોઈએ. ભારતે કોન્સ્યુલર એક્સેસ પુરો પાડવા માટે ૧૩ વખત રીમાઈન્ડર આપ્યા છે પરંતુ ઈસ્લામાબાદ દ્વારા કોઈ પગલાં હજુ સુધી લેવાયા નથી.'

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time 10 am
7575006850 to 5 pm

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન સિક્યુરિટી સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, ભિખારીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય માણસ વર્ગને જીવન જરૂરિયામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માર્ગદર્શી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદ્રરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.
તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ થિયો સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.
CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે થિયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. રાજ્યભરમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના થવારદાર અન્યોને જોડી મહેનત હસિયાની ભાગીદાર રૂપિયા ૬૫ મુજબ ચૂકેલ આવકમાંથી ચુકવણ જશે, જે માટે સાથે ડાયરેક્ટ હોપક પરથી આપ સમજી શકશો.
તો આવો સૌ સાથે મળી આબાદીકરણનું ઉજ્જવળ નિર્માણ કરીએ.
MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો
Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત થયેલ મેમ્બરી આવના કમાયેલા પૈસામાંથી
(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (સોટો જોડવી ઉપયોગી)
આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે સાથે રાજ્યભરમાં ૫૫૦/- ભરવાના રહેશે.
(PLAN - B)
ત્રીજા ત્રણ વર્ષ માટે ૫૦૦૦/- (સોટો જોડવી ઉપયોગી)
આપનો કોડ ત્રીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો.
સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
જેના માટે સાથે રાજ્યભરમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય
તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોષ મોદી 7016046096
13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com

હળવદના શ્રીજીનગર ગામના સમસ્ત ગ્રામજનો દ્વારા પુલવામામાં શહીદ થયેલા જવાનો માટે શ્રદ્ધાંજલિ સભા યોજાઈ



કાશ્મીરના પુલવામા માં આતંકવાદી હુમલામાં શહીદ થયેલ ઝઈૅહ્વ વીર જવાનો નું ઋણ,બલિદાન, શૌર્ય દેશમાટે હંમેશા ગૌરવ અને અમર રહેછે..... આપણે કોઈ વ્યક્તિ નથી ગુમાવ્યા પરંતુ માં ભારતીનું એક શસ્ત્ર ગુમાવ્યું આ દિવસ ભારતદેશના ઈતિહાસ માં કાળમોં દિવસ બન્યો, એટલુંજ નહિ... કુટુંબ કબીલાએ દીકરો ખોયો, પત્નીએ પોતાનો પતિ ખોયો બાળકોએ પોતાનો બાપ ખોયો, મોસાળે ભાણેજ ખોયો ભાઈએ ભાઈ ખોયો, બહેને રાખડીનો હકદાર ખોયો,, ...પણ માં ભારતીયે, આપણે સૌએ જાંબાજ વીર સપૂત ખોયો..... ત્યારે આ શૌર્ય અને હૃદય દ્રવિ દુઃખદ ઘટના બાદ દેશકાજે પોતાની વીરતા,નિષ્ઠા, રાષ્ટ્રભક્તિ ને સલામ કરી શહીદ થયેલ તમામ જવાનો ને આપણે સમગ્ર ગામવતી શ્રધ્ધાંજલી અર્પણ કરી તેમના આત્માશાંતિઃ માટે ભગવાનને પ્રથાના કરી તેમજ શહીદો ના પરિવારજનોને શાંત્વના આપવા હળવદ તાલુકાના શ્રીજીનગર ગામના સમસ્ત ગ્રામજનો દ્વારા પુલવામામાં શહીદ થયેલા જવાનો ને શ્રદ્ધાંજલિ સભા યોઈ હતી બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉમટી પડીયા હતા, હનુમાનજી મંદિર ખાતે શ્રીજીનગર મુકામે શ્રધ્ધાંજલી સભા સમય સાજે ૫.૩૦ કલાક રાખવામાં આવી હતી,

આડેસર પોલીસે દારૂનો જથ્થો અને જુગારધામ ઝડપી પાડી કરી પ્રશંસનીય કામગીરી

નાયબ પોલીસ અધિક્ષક કે.જી.ઝાલા ભચાઉ વિભાગની સુચના અને માર્ગદર્શન હેઠળ અત્રેના ડીવીઝનની તા.૧૬/૦૨/૨૦૧૯ ના ૨૧૫૨ તેમજ આડેસર પો.સ્ટે.ની હદમાં ઈ.પો.ઈન્સ. એલ. એલ.ચાવડા તથા સ્ટાફના પો.કર્મચારીઓ ૨૧૫૨ પો.સ્ટે.નાઓ દ્વારા આરોપી અહેમદશા શેખ રહે-રાપરવાળાની કબજાની ટાટા ઈન્ડીગો કારમાં ઈગ્લીશ દારૂ કુલ કિ.૪૨,૦૦૦/- રૂપિયા સાથે મળી આવી દારૂ તથા ટાટા ઈન્ડીગો કાર કિ.રૂ. ૭૦,૦૦૦/-એમ કુલ કિ.રૂ. ૧,૧૨,૦૦૦/-નો મુદ્દામાલ સાથે પકડી પાડી પ્રશંસનીય કામગીરી કરેલ છે. અને આ રેઈડ અનુસંધાને ૨૧૫૨ પો.સ્ટે. પ્રોહિ ગુ.૨.ન. ૫૦૩૧/૧૯ પ્રોહી ક.૬૫ એઇ, ૧૧૬બી, ૯૮(૨) મુજબ નો ગુનો દાખલ કરવામાં આવેલ છે. સાથે સાથે પો.સબ.ઈન્સ. વી.જી. લાબડીયા તથા સ્ટાફના પો.કર્મચારીઓ આડેસર પો.સ્ટે.નાઓ દ્વારા કિડીયાનગર ગામે જુગાર અંગે રેઈડ કરતા કુલ ૧૧ આરોપીઓને રોકડા રૂ.૨૨,૧૯૦/- સાથે પકડી પાડી પ્રશંસનીય કામગીરી કરેલ છે. અને આ રેઈડ અનુસંધાને આડેસર પો.સ્ટે. સે.ગુ.૨.ન.૩૦૦૫/૧૯ જુ.ધારા ૧૨ મુજબ નો ગુનો દાખલ કરવામાં આવેલ છે.

રાણપુરમાં મોલેસલામ ગરાસિયા દરબાર સમાજ દ્વારા શહીદોને શ્રધાંજલી અપાઈ



જમ્મુ કાશ્મીરના પુલવામાં કાયરતા પૂર્ણ આતંકી હુમલામાં શહીદ થયેલા જવાનો ના આત્મા ને શાંતિ મળે તે માટે રાણપુરના મોલેસલામ ગરાસિયા દરબાર સમાજ દ્વારા શ્રધાંજલી નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો અને બે મીનીટ મૌન પાળી શ્રધાંજલી આપી હતી આ સમયે મોલેસલામ ગરાસિયા દરબાર સમાજના લોકો મોટી સંખ્યા માં હાજર રહ્યા હતા

ધાંટુ ગામની સીમ માંથી ગે.કા હથિયાર (બંદુક) સાથે એક ઈસમને પકડતી મહેસાણા એસ.ઓ.જી.

મહેસાણા પોલીસ અધિક્ષક શ્રી નિલેષ જાજડીયા સાહેબનાઓએ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ તથા ગે.કા.હથિયારના કેસો શોધી કાઢવા સુચના કરેલ જે અનુંસંધાને આજરોજ તા.૧૮/૦૨/૨૦૧૯ ના રોજ એસ.ઓ.જી પો.સબ.ઈન્સ શ્રી એમ.ડી.ચંપાવત તથા અ.હેડ.કો જયવિરસિંહ. અ.હેડકો ચેતનકુમાર અ.હેડ.કો વિરેન્દ્રસિંહ તથા અ.હેડ.કોન્સ.અનિલકુમાર તથા અ.હેડ.કો કીરણજી તથા અ.હેડ.કોન્સ.ભરતજી અ.પો.કો હેમેન્દ્રસિંહ તથા અ.પો.કો જવાનસિહ વિગેરે માણસો સાથે વિજાપુર પોસ્ટે વિસ્તારમાં એ.ટી.એસ ચાર્ટર મુજબની કામગીરી હતા તે દરમિયાન સાથેના અ.હેડ.કો જયવિરસિંહ તથા અ.પો.કો હેમેન્દ્રસિંહને મળેલ ખાનગી બાતમી હકીકત આધારે ધાંટુ ગામની સીમમાં રહેતો સીન્ધી (ડફેર) અલુભાઈ લાખાભાઈ મુળ રહે. વિજાપુર રેલ્વે ફાટક પાસે હાલ રહે.ધાંટુ ગામની સીમ તા.વિજાપુર જી. મહેસાણા વાળાને પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરી વિજાપુર પો.સ્ટે. આર્મ્સ એક્ટ કલમ–૨૫(૧બી)એ મુજબનો ગુન્હો નોંધાવવા કાર્યવાહી કરાવવામાં આવેલ છે. આમ, મહેસાણા એસ.ઓ.જી.ને ગે.કા હથિયાર ના કેશો શોધી કાઢવા માટે વધુ એક સફળતા મળેલ છે.

વડનગર પો.સ્ટે.ના ઉંડણી ગામ નજીકથી વિદેશી દારૂનો કુલ કિ.રૂ. ૭,૯૨,૭૦૦/- ના મુદ્દામાલ સાથે બે આરોપીઓને પકડી પાડી ગણનાપાત્ર કેશ શોધી કાઢતી વડનગર પોલીસ

મહેસાણા પોલીસ અધિક્ષક નિલેષ જાજડીયાએ મહેસાણા જીલ્લામાં પ્રોહી જુગારની બદી નેસ્ત નાબુદ કરવા આપેલ સૂચનાઓ અંતર્ગત નાયબ પોલીસ અધિક્ષક એમ.બી.વ્યાસ નાઓના માર્ગદર્શન હેઠળ અમો પો.સ.ઈ બી.એમ.પટેલ તથા હે.કો જયેશકુમાર માનસંગભાઈ તથા હે.કો નાસીરબેગ અસ્લમબેગ તથા પો.કો ભરતકુમાર મોઘજીભાઈ તથા પો.કો ભરતકુમાર તળશીભાઈ તથા પો.કો વિજયકુમાર ઈશ્વરલાલ તથા પો.કો ભગવાનભાઈ રામજીભાઈ તથા પો.કો ચતુરજી ખુમાજીએ રીતેના તા- ૧૭/૦૨/૧૯ ના રોજ રાત્રીના સમયે મઢાસણા ડીપીથી વલાસણા જતા રોડ ઉપર પ્રોહીબીશન વોચ પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ઉંડણી તરફથી બે સફેદ કલરની ગાડી આવતાં સરકારી તેમજ પ્રાઈવેટ ગાડીની આડાશ કરી બંને ગાડીઓને ઉભી રાખી જોતાં જેમાં સ્વીફટ ગાડી નં-જી.જે.૦૨.બીએચ.૪૫૧૧ તથા હયુન્ડાઈ ૨૦ નં-જીજે.૦૮.આર.૯૮૮૮ માંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ તથા બીયર ટીન મળી કુલ નંગ- ૧૪૭૪ કિ.રૂ. ૧,૮૨,૨૦૦/-તથા મોબાઈલ નંગ-૩ કિ.રૂ. ૧૦૫૦૦/-તથા બંને ગાડીઓની કિ.રૂ. ૬,૦૦,૦૦૦/-મળી કુલ કિ.રૂ. ૭,૯૨,૭૦૦/- ના મુદ્દામાલ સાથે પઠાણ અબ્દુલખાન સીલાવરખાન રહે-મહેસાણા શોભાસણ રોડ, તા.જી.મહેસાણા તથા ઠાકોર અશોકજી પુનાજી રઘુજી રહે-નુગર તા.જી.મહેસાણા વાળાને પકડી પાડેલ તથા મુન્નાભાઈ રહે- મહેસાણા તથા ઠાકોર મહેશજી રહે- જગુદણ તા.જી-મહેસાણા નાસી ગયેલ હોય તેઓના વિરૂધ્ધ ધી પ્રોહી એક્ટ કલમ.૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબ ગુન્હો દાખલ કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે.

ગુજરાત કોળી સેના હળવદ અને મેલડી ગ્રુપ દ્વારા મૌન રેલી,કેન્ડલ માર્ચ કરી વિરશહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી



કાશ્મીરના શહીદોને શ્રદ્ધાંજલિ પાઠવવા હળવદ ના દરેક ગામમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે જેમાં હળવદ ખાતે ગુજરાત કોળી સેના હળવદ અને મેલડી ગ્રુપ દ્વારા મૌન રેલી, કેન્ડલ માર્ચ યોજી વિરશહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

શહીદોને શ્રદ્ધાંજલિ આપવા માટે કાર્યક્રમનું આયોજન કર્યું હતું તેમજ શહીદ પરિવારો માટે ફંડ એકત્ર કરવા ગુપ્ત દાન કરવામાં આવ્યું હતું શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે યુવાનો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા જેમાં કેન્ડલ માર્ચ યોજી તેમજ મૌન રેલી દ્વારા વીર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી,

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં ગુરુવારે બપોરે ઝઈૅહ્વ ના જવાનો ના કાફલા પર આતંકવાદીઓ ઘ્વારા હુમલો થયો હતો જેમાં ૪૦ જેટલા જવાનો શહિદ થયા હતા જેના સંદર્ભમાં શહીદોના બલિદાનમાં શ્રદ્ધાંજલિ નો કાર્યક્રમ રાખવામાં આવ્યો જેમા હિંદુ -મુસ્લિમ દરેક સમાજના નાનામોટા યુવાનો તેમજ સાથે સૌ મડી ભવ્ય રેલીમાં જોડાયા હતા અને સ્કેન્ડલ યાત્રા પણ રાખવામાં આવેલી હતી અને શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી, આ કાર્ય ક્રમમા પાકિસ્તાન મુર્દાબાદ ,હિન્દુસ્તાન જિંદબાદ જેવાં નારા સાથે ગણોજ આક્રોશ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ગુજરાત કોળી સેના હળવદ શહેર પ્રમુખ વિજયભાઈ ચાવડા કચ્છ જિલ્લાના ભાજપના પ્રભારી બીપીનભાઈ દવે મહંત દીપકદાસજી મહારાજ રમેશભાઈ ઠાકોર,ભરત ચાવડા, સંજય ઠાકોર,રાજુ ચાવડા, હીતેશભાઈ, સતિષ ઠાકોર સહીત કોળીસેના યુવાનો તથા મેલડી યુવા ગ્રુપ ના યુવાનો ઉપસ્થિત રહ્યા હતા

શ્રી સોમનાથ મંદિર થી નીકળેલી રથ યાત્રા હળવદ આવી પહોંચી - હળવદ ના ધર્મપ્રેમી લોકો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું



શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા દ્વાદશ જ્યોર્તિલિંગ એટલે કે અલગ અલગ ૧૨ જ્યોર્તિલિંગ ના શણગાર કરેલ ૧૨ રથયાત્રા પુરા ગુજરાત માં પ્રવાસ કરી ધર્મપ્રચાર કરી રહી છે ત્યારે છોટાકાશી તરીકે જગ વિખ્યાત હળવદ શહેર માં રથયાત્રા આવી પહોંચી હતી રથ યાત્રા નું શ્રી વૈજનાથ મહાદેવ મંદિર ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું અને આરતી પણ કરવામાં આવી ત્યાર બાદ રથ યાત્રા હળવદ નગર માં મુખ્ય માર્ગ પર ફરી અને શંકારપરા ખાતે પહોંચી હતી જ્યાં હાજર સૌ એ હર હર મહાદેવ ... જય સોમનાથ ના નાદ સાથે યાત્રા નું સ્વાગત કરી ૫ કુવારીકા દ્વારા ભવ્ય સામૈયું કરવામાં આવ્યું હતું અને હાજર સૌ એ રથ યાત્રા માં ૧૨ જતોર્તિલિંગ માં ના એક શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ ના ભાવ પૂર્વક દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને ત્યાર બાદ રામજી મંદિર ખાતે ધર્મસભા નું આયોજન થયું હતું જેમાં શ્રી લક્ષ્મીનારાયણ મંદિર ના મહંત શ્રી દિપકદાસજી મહારાજ અને મહેન્દ્ર મહારાજ એ આશીર્વચન આપ્યા હતા અને ત્યાર બાદ રથયાત્રા શ્રી શરણેશ્વર મહાદેવ મંદિર ખાતે પહોંચી હતી અને રાત્રી રોકાણ કરી વહેલી સવારે આરતી અને પૂજન અર્ચન કરી રથ યાત્રા મોરબી તરફ આગળ વધી હતી કાર્યક્રમ ને સફળ બનાવવા સર્વે શિવ ભક્તો એ ભારે જહેમત ઉઠાવી હતી

રાણપુરમાં ભાદર નદીને કાંઠે આવેલા સ્વામિનારાયણ મંદીર નો ત્રીજો પાટોત્સવ ઉજવાયો



મહીલા મંડળ દ્વારા કેક કાપી ને પાટોત્સવ ની વિશેષ ઉજવણી કરી

બોટાદ જીલ્લાના રાણપુર માં ભાદર નદી ને કાંઠે આવેલા સ્વામિનારાયણ મંદીર નો ત્રીજો પાટોત્સવ ઉજવાયો હતો વિધવાન વડીલ સંતો ની નિશ્રા માં પાટોત્સવ ધામધુમ પુર્વક ઉજવાયો હતો આ પાટોત્સવ પ્રસંગે ભગવાન સ્વામિનારાયણ ને અભિષેક કરવામાં આવ્યો હતો તથા મહાપુજા,ધ્વજા રોહણ,ભવ્ય અન્નકુટ અને સત્સંગ સભા યોજાઈ હતી જેમાં ધામેધામ થી આવેલા વડીલ સંતો એ હરિભક્તો ને પાટોત્સવ એટલે શુ તેનુ મહત્વ સમજાવ્યુ હતુ અને હરિભક્તો ને રૂડા આશિર્વાદ આપ્યા હતા આ પ્રસંગે વિવિધ વાનગીઓનો ભવ્ય અન્નકુટ સ્વામિનારાયણ ભગવાન ને ધરાવવામાં આવ્યો હતો અને મહા આરતી કરવામાં આવી હતી સાથે મહીલા મંડળ દ્વારા કેક કાપી પાટોત્સવ ની ઉજવણી કરી હતી આ પ્રસંગે રાણપુર સત્સંગ સમાજ ના સત્સંગીઓ મોટી સંખ્યા માં હાજર રહ્યા હતા.અનુબેન રાજુભાઈ થોરીયા, હિતેશભાઈ રાવળ,અ.નિ. લાલજીભાઈ સી વઢવાણા પરીવાર વતી મુકુંદભાઈ,પ્રકાશભાઈ રમણલાલ સોની, સંજીવકુમાર સુખલાલ ગદાણી, મહેશકુમાર વ્રજલાલ સોની,મોહનભાઈ શાંતિલાલ મકાણી, મનસુખભાઈ શેખલીયા લાઠીદડ, મનસુખભાઈ સાબવા બોટાદ, અમુલખભાઈ કાનજીભાઈ ખંભાળીયા લાઠીદડ, અરૂણાબેન સુરેશભાઈ સુરત, નરેન્દ્રભાઈ મકાણી, અ.નિ.દિનેશચંદ્ર નારણદાસ સોની, નારણભાઈ પાટડીયા મુંબઈ, દુર્ગેશભાઈ કુન્દભાઈ ચૌહાણ, યોગેશભાઈ સુમનભાઈ ચૌહાણ આ તમામ દાતાઓ પાટોત્સવ ના યજમાન થયા હતા તેમના સહયોગ થી આ પાટોત્સવ નુ સુંદર આયોજન કરવામાં આવ્યુ હતુ જ્યારે મંદીર ના કોઠારી પ્રકાશભાઈ સોની એ જણાવ્યુ કે સ્વામિનારાયણ મંદીર નો આ ત્રીજો પાટોત્સવ છે અતિ ભાવ પુર્વક સંતો મહંતો ની નિશ્રા માં ઉત્સવ ભકતીસભર યોજાયો જેમાં ગઢપુર, લાઠીદડ, સાળંગપુર, લોયા અને કરમડ ગુરૂકુળ ના સંતો પધાર્યા હતા તમામ હરિભક્તો તને.મને.ધને ખુબજ સુખી થાય તેવા રૂડા આશિર્વાદ પાઠવ્યા હતા



હળવદના મિયાણી ગામે માત્રી માતાજીનો નવરંગો માંડવો રોપાયો



ઝિંઝુવાડીયા પરિવાર દ્વારા કરવામાં આવ્યું આયોજન

હળવદ : હળવદ તાલુકાના મિયાણી ગામે ઝીંઝુવાડિયા પરિવાર દ્વારા કુળદેવી શ્રી માત્રી માતાજી નો નવરંગો માંડવો તેમજ નવચંડી હવનનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં મોટી સંખ્યામાં ઝીંઝુવાડિયા પરિવાર હાજર રહ્યો હતો

હળવદ તાલુકાના મિયાણી ગામે સમસ્ત ઝિંઝુવાડીયા પરિવાર દ્વારા શ્રી માત્રી માતાજી નો નવરંગો માંડવો તથા નવચંડી હવન આજરોજ આયોજન કરવામાં આવ્યું હતું આ ચોવીસ કલાક ના માતાજી ના નવલખા માંડવા માં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા

આજરોજ સવારના ૭ કલાકે થાંભલી રોપવામાં આવી હતી જયારે ૮ કલાકે નવચંડી હવન ની શરૂઆત કરવામાં હતી તેમજ સાંજના ચાર કલાકે બીડુ હોમવામાં આવ્યું હતું અને ૫ કલાકે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભાવિક ભકતોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો સાથે જ માતાજીના નવરંગા માંડવામાં રમેશભાઈ રાવળ તથા સાજીંદાઓ એ ડાકલા ની રમઝટ બોલાવી હતી માતાજીના નવરંગા માંડવા અને નવચંડી હવન ની સાથે સાથે કરવિધી પણ રાખવામાં આવી હતી

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા વિઠ્ઠલભાઈ, મુન્નાભાઈ ,રણછોડભાઈ ,હરખાભાઈ ,અમરશીભાઈ ,ભગાભાઈ, દીપકભાઈ, સહિતનાઓએ ભારે જહેમત ઉઠાવી હતી

બોટાદ એલ.સી.બી.એ બોટાદના હીરાબજાર પાસેથી ચોરાયેલી મોટર સાયકલ સાથે એક ઈમસને ઝડપી પાડ્યો



પોલીસ મહાનિરીક્ષક નરસિમ્હા કોમાર ભાવનગર દ્વારા બોટાદ જીલ્લામાં વાહન ચોરીના વણશોધાયેલ ગુન્હાઓ શોધી કાઢવા અને આવા ગુન્હેગારો પકડી પાડી ચોરીમા ગયેલ મુદ્દામાલ રીકવર કરવા સુચના આપેલ હોય જે અનુસંધાને બોટાદ પોલીસ અધીક્ષક હર્ષદ મહેતાની સુચનાથી પોલીસ ઈન્સપેકટર એલ.સી.બી.ના એચ.આર.ગોસ્વામી ના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી સ્ટાફનાં હે.કો. લક્ષ્મણદેવસિંહ, હે.કો. પ્રવિણસિંહ, પો.કો. વનરાજભાઇ, પો.કો. બળદેવસિંહ વિગેરે સ્ટાફના માણસો બોટાદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ કરી રહ્યા હતા તે દરમ્યાન હે.કો. પ્રવિણસિંહને પુર્વ બાતમી ને આધારે એક શંકાસ્પદ મો.સા. ગઢડા થી બોટાદ તરફ તાજપર સર્કલ પાસે આવી રહેલ છે જે મો.સા.ને તાજપર સર્કલ પાસે રોકી તે ઈસમની પુછપરછ કરતા મોટર સાયકલના કાગળો માંગતા નહી હોવાનુ જણાવતાં વધુ પુછપરછ કરતા સંતોષકારક જવાબ આપતો ન હોય જેથી અશ્વિનભાઇ મખાભાઈ ચેખલીયા જાતે.દે.પુ. ઉવ.૨૬ રહે.ટાટમ, ભરવાડવાસ તા.ગઢડા જી.બોટાદ વાળા ને ધરપકડ કરી હીરો-હોન્ડા સ્પ્લેન્ડર ગાડી ની કિ.રૂ.૨૦,૦૦૦ આ ઈસમ ને મુદામાલ સાથે બોટાદ પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવેલ.

પુલવામાના શહીદ વીરોને મજદૂર સંઘની શ્રદ્ધાંજલી

સુરત

ગત તા.૧૪-૨-૨૦૧૯ના રોજ જે જમ્મુ કાશ્મીરમાં જે આપણાં દેશનાં સૈન્ય ઉપર જે આતંકવાદીઓએ હુમલો કરી ૪૦ કરતા વધુ સૈનિકોને જાનથી મારી નાંખેલ છે અને જઘન્ય હિચકારી કૃત્ય કરેલ છે જેનો ભારતીય મઝદૂર સંઘ સુરત સખ્ત શબ્દોમાં નિંદા કરે છે અને શહીદ થયેલ પરિવારોનાં પ્રત્યે સહૃદય સંવેદના પ્રકટ કરીએ છીએ અને અમો આવા મુશ્કેલ સમયમાં તેમનાં પરિવાર અને દેશની સરકારની સાથે છીએ.

હળવદ એપીએમસી ખાતે દ્વારકાધીશ ટી સ્ટોલનો ધમાકેદાર શુભારંભ



રાજકીય અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં લોકો રહ્યા હાજર

હળવદ : હળવદ એપીએમસી ખાતે નિર્માણ થયેલા દ્વારકાધીશ ટી સ્ટોલ નો આજે દબદબાભેર શુભારંભ કરવામાં આવ્યો હતો આ તકે રાજકીય અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા

હળવદ ધાંગધ્રા રોડ પર આવેલ માર્કેટિંગ યાર્ડ માં આજરોજ દ્વારકાધીશ ટી સ્ટોલ પ્રારંભ કરવામાં આવ્યો હતો જેમાં પુર્વ પંચાયત મંત્રી જયંતીભાઈ કવાડિયા,એપીએમસીના ચેરમેન રણછોડભાઈ પટેલ,મોરબી જિલ્લા પંચાયત ના સદસ્ય હેમાંગ ભાઈ રાવલ,હળવદ તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ સંઘાણી,મોરબી જિલ્લા ભાજપ ઉપ પ્રમુખ વલ્લભભાઈ પટેલ, હળવદ શહેર ભાજપ પ્રમુખ અજયભાઈ રાવલ સહિતના રાજકીય અગ્રણીઓ તેમજ માર્કેટિંગ યાર્ડ ના કર્મચારીઓ વેપારીઓ સહિત મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા આ તકે દ્વારકાધીશ ટી સ્ટોલના ઓનર નયનભાઈ પટેલએ જણાવ્યું હતું કે આ સ્ટોલમાં ચાય બનાવવા માટે દૂધ એકદમ સારી ક્વોલિટીનુ વાપરવામાં આવશે સાથે જ બજારમાં અને માર્કેટયાર્ડમાં જે કિંમત એ ચાય આપવામાં આવે છે એ જ કિંમત અહી પણ રાખવામાં આવી છે અહી ખાસ વાત એ છે કે અહી ચાય બનાવવા માટેના તમામ વાસણો તાંબાના અને પિત્તળના છે સાથે જ ચાય તાંબાની પ્યાલીમા અને માટીની પ્યાલીમા આપવામાં આવશે વધુમાં જણાવ્યું હતું કે ચાયના બંધાણી અહી એક વાર ચાય પીવા આવશે તો દ્વારકાધીશ ટી સ્ટોલ ના ચાહક બની જસે.

તાતીથૈયામાં જનાકોશ સાથે કેન્ડલ માર્ચ યોજી શહીદોને શ્રદ્ધાંજલી

કડોદરા

કાશ્મીરના પુલવામામાં સીઆરપીએફના કાફલા ઉપર થયેલા આત્મઘાતી હુમલામાં ૪૪ જવાનો શહીદ થયા છે. જેના પગલે લોકોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. ત્યારે પલસાણા તાલુકાના તાતીથૈયા ગામે ભારે ગમગીની જોવા મળી રહી છે. પુલવામાં થયેલ મોટી દુર્ઘટનાના પગલે ભરતભાઈ નાયક સાંકી અને એસો.ના પ્રમુખ નિલકેશ મોરીની આગેવાની હેઠળ ગામના યુવાનો વડીલો વેપારીઓ દ્વારા તાતીથૈયાની મેઈન બજારમાં આવેલ માર્કેટથી બસ સ્ટેન્ડ સુધી કેન્ડલ માર્ચ યોજી શહીદોને શ્રદ્ધાંજલી આપી હતી અને શનિવારના રોજ સવારથી બપોર સુધી વેપારી દ્વારા ગામ બંધ રાખી આતંકી હુમલાથી લોકોમાં પ્રચંડ રોષ જેવા મળી રહ્યો છે. ગામના બસ સ્ટેન્ડ ચોકમાં ૩૦૦૦થી વધુ ગ્રામજનો પોતાના હાથમાં કેનડલ પ્રજ્જવલિત કરી બે દિવસ પહેલા માં ભોમની રક્ષા કરી રહેલા જવાનોને આતંકીઓ દ્વારા હુમલો કરાતા શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલી આપવા વિશાળ રેલી નીકળી હતી. આ રેલી બસ સ્ટેન્ડ ચોકી ગામના રાજમાર્ગ ફરી પાકિસ્તાન મુર્દાબાદ હિન્દુસ્તાન જીંદાબાદ જયશ્રીરામ, વંદેમાતરમ, હમશે જો ટકરાયેગા વો મીટ્ટી મે મીલ જાયેગાના નારા લગાવી આતંકી સામે ભારે આક્રોશ ગામજનોમાં જેવા મળ્યો હતો. તેમજ મુખ્ય ચોકમાં આતંકવાદીઓના પુતળાનું દહન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં ગામના માજી સરપંચ દિલીપસિંહ મોરી, વિનોદભાઈ મકવાણા, નિલકેશ મોરી, ભરતભાઈ નાયક સહિતના ૩૦૦૦ કરતા વધુ ગ્રામજનો જોડાયા હતા.











તંત્રી સ્થાનેથી...

રૂપિયાની મજબુતી જરૂરી

સામાન્ય વ્યક્તિ ડોલરની સામે રૂપિયાની ઘટતી જતી કિંમતના કારણે પરેશાન છે તે બાબત હવે દેખાવવા લાગી ગઈ છે. સામાન્ય વ્યક્તિ પરેશાન એટલા માટે છે કે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં સતત વધારો થઈ રહ્યો છે. આ સ્થિતી હાલમાં અકબંધ રહે તેવી શક્યતા છે. રૂપિયાના અવમુલ્યનના કારણે તમામ ચીજોની કિમત પર તેની માઠી અસર થઈ રહી છે. રૂપિયાની કિંમત ઘટી જવાના કારણે ભારતીય આયાતકારોને વધારે નાણાં દરેક બાબતમાં ચુકવી દેવાની ફરજ પડી રહી છે. ભારતીય આયાતકારોને ડોલરના સ્વરૂપમાં રૂપિયાની ચુકવણી કરવાની ફરજ પડી રહી છે. જે હાલમાં ભારે પડે છે. ભારતીય આયાતકારોને ડોલરમાં જંગી નાણાં ચુકવી દેવાની ફરજ પડી રહી છે. અમારા નાણાં પ્રધાન અરૂણ જેટલી ડોલરની સામે રૂપિયાના અવમુલ્યન માટે કેટલાક કારણો આપે છે પરંતુ જેટલી એ વાત કરી રહ્યા નથી કે ડોલરની સામે રૂપિયાના અવમુલ્યનને રોકવા માટે ક્યાં પગલા લેવામાં આવી રહ્યા છે. નાણાં પ્રધાન એમ પણ કહી રહ્યા છે કે ભારતીય રૂપિયાની કિંમત કેટલાક દેશોના ચલણ કરતા હજુ મજબુત છે. આ ચલણની સામે રૂપિયાની કિંમત વધી રહી છે. સામાન્ય રીતે વિદેશી કારોબાર ડોલરમાં થાય છે. જેથી ડોલરની સામે રૂપિયામાં કોઈ પણ ઘટાડો થાય તો ભારતીયોને સીધી રીતે નુકસાન થાય તે સ્વાભાવિક છે. રૂપિયા, ડોલર અને અન્ય કરેન્સીની કિંમત તેની માંગ અને સપ્લાય પર આધારિત હોય છે. ભારતીય રૂપિયાની માંગ માટે સરકારને નિકાસને પ્રોત્સાહન આપવા અને વધારી દેવા માટે કેટલાક નક્કર પગલા લેવાની જરૂર છે. નવેસરથી નવી આક્રમક નિતી બનાવવાની સરકારને જરૂર છે. વિકસિત દેશોના આધુનિક નેટવર્કનો સામનો કરવા માટે નક્કર કાર્યવાહી અને પગલાની જરૂર છે. નિકાસ વધે તે માટે સ્થિતી ઉભી કરવી પડશે. સક્ષમ નિકાસકારોને સંભિવત તમામ મદદ કરવી પડશે. સાથે સાથે અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલી ટ્રેડ વોરની ખેંચતાણનો લાભ લેવાની જરૂર છે. બાંગલાદેશ અને વિયતનનામ જેવા દેશોમાં સસ્તા શ્રમિક મળવાથી ભારતીય પેદાશો માટે બજાર મળવાની બાબત મુશ્કેલ બની રહી છે. આ બાબતને સમજીને નિતી બનાવવાની જરૂર દેખાઈ રહી છે. ડોલર જેવા વિદેશ ચલણને આકર્ષિત કરવા માટે ભારત સરકારને યોગ્ય પાસા પર કામ કરવાની જરૂર છે. ભારત સરકાર આના માટે વિદેશી ચલણ બોન્ડ જારી કરી શકે છે. બેંકોને સબસિડી આપીને બિનનિવાસી ભારતીયોને વધારે વ્યાજ અપાવી શકે છે. જો મેક ઈન ઈન્ડિયાના નારાને સફળ કરવાની જરૂર છે તો તેના માટે કેટલાક પાસા પર ઝડપથી કામ કરવાની જરૂર છે. વિદેશી લોકો માટે અમારા દેશમાં આવીને કામ કરવાના દ્વારા ખોલી દેવામાં આવે તો સીધો ફાયદો થશે. આનાથી વિદેશી રોકાણ આવશે અને રૂપિયાની કિંમત વધશે. ડોલરની સામે રૂપિયાની સ્થિતીને સુધારી દેવા માટે સ્થિર પગલા લેવાની જરૂર છે. કોઈ પણ દેશની નાણાંકીય સ્થિતી તેના ચલણ પર આધારિત રહે છે.

રૂપિયાની નરમાઈ માટે અનેક કારણ હાલ આપવામાં આવે છેઃ સ્થિર પગલા જરૂરી

બે દશકમાં ખીણમાં જેશના પગલા પહેલા રોકાયા અને હવે વધ્યા

સંસદ પર હુમલાથી પુલવામા સુધી

છેલ્લા બે દશકના ગાળામાં ખીણમાં જેશે મોહમ્મદની સ્થિતી ક્યારેય નબળી અને ક્યારેય મજબુત રહી છે. દેશમાં અનેક હુમલાને અંજામ આપી દેનાર જેશના ત્રાસવાદીઓ હાલમાં ફરી એકવાર સક્રિય દેખાઈ રહ્યા છે. છેલ્લા બે દશકમાં ખીણમાં જેશે મોહમ્મદના પગલા પહેલા રોકાયા અને હવે ફરી આગળ વધ્યા છે. આશરે ૧૨ વર્ષની ખામોશી બાદ કાશ્મીરમાં જેશે પોતાની હાજરીની ફરી સાબિતી આપી છે. ૧૪મી ફેબ્રુઆરીના દિવસે પુલવામામાં જે રીતે સીઆરપીએફના કાફલા પર હુમલો કરવામાં આવ્યો હતો તેનાથી દેશના લોકો ચોંકી ઉઠ્યા છે. કાફલા પર જે રીતે વિસ્ફોટક ભરેલી ગાડી લઈ જઈને આત્મઘાતી હુમલાને અંજામ આપવામાં આવ્યો તેનાથી સુરક્ષા દળોની ચિંતા વધે તે સ્વાભાવિક છે. કારણ કે જેશના લીડર મૌલાના મસુદ અઝહરે આ વખતે નવી મોડસ ઓપરેન્ડી અપનાવી લીધી છે. જેશે વિતેલા વર્ષોમાં કેટલાક હુમલાને અંજામ આપ્યા છે. જેમાં વર્ષ ૨૦૦૧ના સંસદ પરના હુમલા, જાન્યુઆરી ૨૦૧૬ના પઠાણકોટ એરબેઝ પરના હુમલા, સપ્ટેમ્બર ૨૦૧૬માં ઉરી સેક્ટરમાં કરવામાં આવેલા હુમલા અને છેલ્લા બે વર્ષમાં કેટલાક ત્રાસવાદી હુમલા સાબિતી આપે છે કે ત્રાસવાદીઓ હજુ પણ તેમના અસ્તિત્વને ધરાવે છે. ૧૪મી ફેબ્રુઆરીના દિવસે પુલવામાં ખાતે કરવામાં આવેલો હુમલો હજુ સુધીનો સૌથી ભીષણ હુમલો છે. સુરક્ષા દળોના કહેવા મુજબ હાલમાં લશ્કરે તોયબા અને હિઝબુલ મુજાહીદ્દીન બાદ જેશ ત્રીજા સ્થાન પર છે. પરંતુ છેલ્લા બે વર્ષમાં તમામ ઘાતક હુમલા બાદ આ જ સંગઠનની સીધી સંડોવણી રહી છે. છેલ્લા એક વર્ષના ગાળા દરમિયાન તેના ટોપના ૪૦થી વધારે લીડરોનો ખાતમો થયો છે પરંતુ તેની લડાઈ જારી રહી છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે લશ્કરે તોયબાની શરૂઆત કરનાર હાફિજ સઈદ અમેરિકાની મોસ્ટ વોન્ટેડ ત્રાસવાદીઓની યાદીમાં સામેલ છે. તેના માથા પર એક કરોડ અમેરિકી ડોલરનુ ઈનામ છે. જેશની વાપસી માટે તાલિબાનની પણ ભૂમિકા રહેલી છે. અફઘાનિસ્તાન તાલિબાનની સાથે પણ જેશના તાર જોડાયેલા છે. ત્રાસવાદીઓનો હાલમાં જોરદાર સફાયો કરવામાં આવી રહ્યો છે. આવી જ રીતે હિજબુલ મુઝાહીદ્દીન આતંકવાદી સંગઠનની શરૂઆત જમ્મત એ ઈસ્લામીના સભ્યો દ્વારા કરવામાં આવી હતી. ૧૯૮૭ની ચૂંટણી અને એ વખતની નીતિઓ સામે બળવો કરીને બહાર આવેલા જમ્મત એ ઈસ્લામીના સભ્યોએ હિજબુલની શરૂઆત કર્યા બાદ વર્ષ ૧૯૯૦ની શરૂઆતમાં આ આતંકવાદી સંગઠને કાશ્મીરમાં ભારે આતંક મચાવી દીધો હતો અને ભારત સરકાર અને ભારતીય સેના સામે મોટી સમસ્યા ઊભી કરી દીધી હતી. હિજબુલના આતંકવાદીઓ દરરોજ રક્તપાત સર્જવા લાગી ગયા હતા જેના કારણે મોટી ખુવારી થવા લાગી હતી. કાશ્મીર હિંસામાં ગરકાવ થઈ ગયું હતું. ૧૯૯૦ની શરૂઆતમાં સ્થાનિક કાશ્મીરી કટ્ટરપંથીને આવરી લઈને હિજબુલની તાકાતમાં અનેકગણો વધારો કરવામાં આવ્યો હતો. હિજબુલને વિદેશી સહાયતા પણ મળે છે પરંતુ એક આતંકવાદી સંગઠન તરીકે હિજબુલે કાશ્મીરમાં તેના હુમલાઓને લોકલ રંગ આપી દીધો હતો. વર્ષ ૨૦૦૦માં આ સંગઠને સુરક્ષાદળો સાથે યુદ્ધવિરામની એક સમજૂતી કરી હતી પરંતુ સપ્તાહોના અંદર જ પાકિસ્તાનમાં ઊથલ-પાથલ થતાં આનો ભંગ થઈ ગયો હતો. નવી દિલ્હીના પ્રતિનિધીઓ સામે એ વખતે અબ્દુલ માઝિદ દાર દ્વારા ચર્ચા કરવામાં આવી હતી. દાર જમ્મુ કાશ્મીરમાં હિજબુલ મુઝાહીદ્દીનના તત્કાલીન કમાન્ડર તરીકે હતો. આ વાતચીત પ્રકાશમાં આવી હતી. જો કે સલાહુદ્દીને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં બેઠા બેઠા યુદ્ધ વિરામ પાછી ખેંચી લેવાની વાત કરી હતી. જો કે દાર અને સલાહુદ્દીન વચ્ચે મતભેદો ખુલીને સપાટી ઉપર આવ્યા હતા. દારને હિજબુલ મુઝાહીદ્દીનમાંથી સસ્પેન્ડ કરાવી દેવાયો હતો. અને ૨૦૦૩માં હત્યા પણ થઈ હતી.

હિજબુલ આતંકવાદી સંગઠને પોતાના અસ્તિત્વને જાળવી રાખવા અન્ય આતંકવાદી સંગઠનોને પણ હાથ મિલાવ્યા હતા પરંતુ આમા સફળતા મળી ન હતી. હિજબુલના મુખ્ય સભ્યમાં અબ્દુલ માઝિદ દાર પણ હતો. જેશ, લશ્કરે તોયબા અને હિઝબુલ સહિત જુદા જુદા સંગછનોના લોકો આક્રમક મુડમાં છે.જેશને કાશ્મીરમાં ફરી પગ જમાવવા માટે ભારે મહેનત કરવી પડી છે.



સીઆરપીએફના કાફલામાં વિસ્ફોટક ભરેલી ગાડી લઈ જઈને હુમલો કરી જેશે નવી મોડસ ઓપરેન્ડીના પુરાવાઓ આપ્યા છે

સુરક્ષા દળો પર હજુ ખતરો તોળાઈ રહ્યો છે...

હાલ જેશના પ૬ ત્રાસવાદી

પોલીસ રેકોર્ડને જોવામાં આવે તો ખીણમાં જેશના પ૬ ત્રાસવાદીઓ હાલમાં સક્રિય છે. જે પૈકી ૨૧ ઉત્તર કાશ્મીરમાં સક્રિય છે.૩૫ દક્ષિણ કાશ્મીરમાં સક્રિય છે. જે પૈકી ૩૩ ત્રાસવાદીઓ પાકિસ્તાની અને ૨૩ ત્રાસવાદીઓ સ્થાનિક હોવાના હેવાલ મળ્યા છે. માનવામાં આવે છે કે મધ્ય કાશ્મીરના શ્રીનગર, બડગામ અને ગાંદરબાલ જિલ્લામાં જેશના અસ્તિત્વ નથી. પોલીસનુ માનવુ છે કે જેશ ફરીથી બેઠા થવા માટે કેટલાક કારણો છે. જે પૈકી કેટલાક કારણ દેખાતા છે. લશ્કરે તોયબા અને હિજબુલ મુજાહીદ્દીનને આંતરરાષ્ટ્રીય તપાસથી દુર રાખવાની પાકિસ્તાની ચાલ કારણરૂપ છે. પાકિસ્તાની સ્થિત હેન્ડલર્સ દ્વારા વર્ષ ૨૦૧૭માં જ્યારે તોયબા અને હિજબુલના ત્રાસવાદીઓને સુરક્ષા દળોના હાથે શિકાર થતા જોયા ત્યારે ખીણમાં જેશના કેડરમાં નવા પ્રાણ ફુંકવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. જેનો ઈરાદો જેશના આત્મઘાતી બોમ્બરો તૈયાર કરવાનો રહ્યો છે. મોટા ત્રાસવાદી હુમલા મારફતે સુરક્ષા દળોને પાછળ ધકેલી દેવાના હેતુ સાથે મોટા હુમલા હવે કરવામાં આવી રહ્યા છે. તોયબા અને હિજબુલના ત્રાસવાદીઓને મોટી રાહત મળે તે હેતુસર હુમલા તીવ્ર કરવામાં આવ્યા છે. માત્ર જેશના ત્રાસવાદીઓ સિવાય અન્ય સંગઠનોના ત્રાસવાદીઓ પણ રહેલા છે. બીજી બાજુ લશ્કરે તોયબા અને હિજબુલ મુજાહીદીનના મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ પણ હાલમાં સક્રિય છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે ત્રાસવાદીઓને સ્થાનિ કટ્ટરપંથીઓનો ટેકો પણ છે. આ સ્થાનિક લોકો ત્રાસવાદીઓને હમેંશા છુપાવી દેવામાં મદદ કરે છે. તેમના માટે અન્ય વિવિધ પ્રકારની સુવિધા કરે છે. જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદીઓ સામે ઓપરેશન ઓલઆઉટ શરૂ કરવામાં આવ્યા બાદ ભારે અફડાતફડી મચેલી છે. આ ઓપરેશનમાં સેંકડો ત્રાસવાદીઓ માર્યા ગયા છે. જેમાં ટોપ લીડરો પણ સામેલ છે.

કાશ્મીરમાં જારી રક્તપાત ચિંતાજનક

લોકોની ભાવનાને ધ્યાનમાં લઈને નિર્ણાયક પગલાનો સમય છેઃ કાશ્મીરમાં ત્રાસવાદી હુમલા એકબાજુ જારી રહ્યા છે અને બીજી બાજુ સરહદ પર ગોળીબાર જારી છે જે સુરક્ષા દળો માટે પડકારરૂપ સ્થિતી છે

પુલવામા હુમલાથી સાબિત થઈ ગયુ છે કે ત્રાસવાદીઓ ખુબ મોટા પાયે હજુ પણ સક્રિય છે. સાથે સાથે મોટા હુમલાને અંજામ આપી શકે છે. આવી સ્થિતીમાં જારી રક્તપાતને રોકવા માટે વધારે અસરકારક પગલાની જરૂર દેખાઈ રહી છે. સ્થાનિક કટ્ટરપંથી લોકોને સપાટી પર લાવવા માટેની જરૂર દેખાઈ રહી છે.એકબાજુ ત્રાસવાદી ઘટનાઓ રોકાઈ રહી નથી. સ્થાનિક ત્રાસવાદીઓ સેના અને સુરક્ષા દળોને ટાર્ગેટ બનાવીને અવિરતપણે હુમલા કરી રહ્યા છે. બીજી બાજુ સરહદ પારથી ત્રાસવાદીઓની ઘુસણખોરી પણ જારી રહી છે. એટલામાં ઓછુ હોય તેમ સ્થાનિક કટ્ટરપંથી લોકો કાશ્મીરમાં જુદા જુદા પ્રશ્ને યુવાનોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. આ તમામ કારણોસર જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદીઓની ગતિવિધી રોકાઈ રહી નથી. સેના દ્વારા ઓપરેશન ઓલઆઉટ અસરકારક રીતે જારી હોવા છતાં ત્રાસવાદી ગતિવિધી જારી રહી છે. પાકિસ્તાન તરફથી નાપાક હરકતો જારી રાખીને અવિરત ગોળીબાર કરવામાં આવી રહ્યો છે જેથી ભારત સામે બેવડા મોરચે મોટા પડકારો ઉભા થઈ ગયા છે. પાકિસ્તાનને ઈંટનો જવાબ પથ્થરથી આપવાની વાત કરનાર અને એક હદ સુધી જ તેને ચલાવી લેવામાં આવશે તેવી વાત કરનાર સરકાર હાલમાં ઉદાસીન વલણ અપનાવી રહી છે.પુલવામા હુમલો કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકો નારાજ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસેથી આક્રમક વલણની અપેક્ષા દેશના લોકો રાખે છે. ભારત સરકારે હમેંશા પાકિસ્તાન પ્રત્યે ઉદાસીન વલણ અપનાવ્યુ છે. હાલમાં પાકિસ્તાન તરફથી કરવામાં આવેલા ગોળીબારનો જડબાતોડ જવાબ આપવામાં આવી રહ્યો છે. હાલમાં પાકિસ્તાનની અપીલ બાદ આરએસપુરા સ્થિત વિસ્તારમાં



ભારત અને પાકિસ્તાન સરહદ ઉપર ફ્લેગ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં બીએસએફ અને પાકિસ્તાની રેન્જરના અધિકારી સામેલ થયા હતા. આ બેઠક દરમિયાન ભારતે યુદ્ધવિરામ ભંગ સામે જોરદાર વાંધો ઉઠાવ્યો હતો. હાલમાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હોવા છતાં હુમલા જારી રહ્યા છે. જે મોટી બાબત છે. સરહદ પર પાકિસ્તાને નાપાક હરકત કરીને ગોળીબાર જારી રાખ્યો છે. ગોળીબાર હેઠળ ત્રાસવાદીઓને ઘુસાડી દેવાના પ્રયાસ થઈ રહ્યા છે. આ રીતે જમ્મુ કાશ્મીરમાં એકબાજુ સરહદ પર યુદ્ધવિરામનો ભંગ કરીને પાકિસ્તાને અવિરત સ્થિતી ખરા કરવાના પ્રયાસ કર્યા છે. બીજી બાજુ ત્રાસવાદીઓ દ્વારા સુરક્ષા દળોને ટાર્ગેટ બનાવીને હુમલા કરવામાં આવી રહ્યા છે. રક્તપાતનો દોર જારી રહેતા સરકારને હવે વધુ ગંભીરતા સાથે નિર્ણાયક પગલા લેવાની જરૂરિયાત દેખાઈ રહી છે. હદ તો હવે થઈ રહી છે કે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પણ હવે પાકિસ્તાનની ભાષા બોલી રહી છે. પુલવામાં ખાતે સીઆરપીએફના કાફલા પર હુમલો કરીને ત્રાસવાદીઓ ૪૦ જવાનોને મોતને ઘાટ ઉતારી ચુક્યા છે ત્યારે છેલ્લા પાંચ દિવસથી દેશના લોકોમાં વ્યાપક આક્રોશ છે. હવે સ્થિતીને સમજીને સરકાર પગલા લે તે જરૂર છે. માત્ર નિવેદનબાજીથી કામ ચાલશે નહી. ભારત એક મજબુત અને વૈશ્વિક સત્તા બનવા તરફ છે તેની ખાતરી આપવા માટે ત્રાસવાદદીઓ સામે નિર્ણાયક કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે. જમ્મુ કાશ્મીરમાં પુલવામા જિલ્લામાં આતંકવાદીઓએ ૧૪મી ફેબ્રુઆરીના દિવસે એક મોટા હુમલાને અંજામ આપ્યો હતો. આ હુમલામાં સીઆરપીએફના ૪૦ જવાનો શહીદ થઈ ગયા હતા. તાજેતરના વર્ષોમાં સૌથી મોટા હુમલાને ત્રાસવાદીઓ દ્વારા અંજામ આપવામાં આવ્યા બાદ દેશભરમાં લોકોમાં પહેલાથી આક્રોશ છે. ૧૪મી ફેબ્રુઆરીના દિવસે ત્રાસવાદીઓ દ્વારા ગુપ્તરીતે બીછાવવામાં આવેલી જાળ હેઠળ આ ભીષણ હુમલાને અંજામ આપવામાં આવ્યો હતો જેમાં સીઆરપીએફના જવાનો ફસાયા હતા.

ઉરીમાં સપ્ટેમ્બર ૨૦૧૬માં આતંકવાદી હુમલા બાદ સુરક્ષા દળો પર આને સૌથી મોટા હુમલા તરીકે ગણવામાં આવે છે. શ્રીનગર-જમ્મુ હાઈવે ઉપર સ્થિત અવન્તીપોરા વિસ્તારમાં આ હુમલો થયો હતો. આતંકવાદી સંગઠન જૈશે મોહમ્મદે હુમલાની જવાબદારી સ્વીકારી લીધી હતી.

જામજોધપુરમાં એક જામ ભાજપ કે નામ, ભાજપ વારંવાર કેમ હારે છે

ભાજપના પૂર્વ કૃષિ પ્રધાન ચીમન સાપરીયા અને હાલના કૃષિ પ્રધાન આર સી ફળદુના જિલ્લામાં તથા ભાજપના મહામંત્રી ભીખુ દલસાણીયાના જિલ્લાના જામજોધપુર કાયમ સળગતું રહે છે. હવે જામજોધપુરનું અંદાજ પત્ર મંજૂર ન થતાં તેની ગંભીર નોંધ ગાંધીનગરમાં ભાજપના નેતાઓએ લીધી છે. જામજોધપુરમાં શું બની રહ્યું છે તેની રજેરજની વિગતો એકઠી કરવામાં આવી છે.

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકા પંચાયતનું વર્ષ ૨૦૧૯-૨૦નું સામાન્ય બજેટ નામંજૂર થતા ભાજપની તાલુકા પંચાયત બરતરફ થાય એવી સ્થિતી ઊભી થઈ છે. કોંગ્રેસના બે સભ્યોનું પક્ષાંતર કરાવીને ભાજપે સત્તા મેળવી પણ તે સંભાળી શકતા નથી. ભાજપના જ સભ્યો ગેરહાજર રહેતાં કોંગ્રેસે આખું અંદાજપત્ર ના મંજૂર કરી દીધું છે. કુલ ૧૬ સભ્યોમાંથી ગૃહમાં હાજર રહેલા ૧૫ સભ્યોમાંથી ૮ સભ્યોએ બજેટના વિરૂધ્ધમાં મતદાન કરતા બજેટ નામંજૂર થયું હતું. તેથી ભાજપના નેતા અને પૂર્વ કૃષિ પ્રધાન ચીમન સાપરીયાની નાલેશી થઈ છે. હવે અવિશ્વાસની દરખાસ્ત આવી શકે છે.

૨૦૧૬માં તાલુકા પંચાયતની થયેલી ચૂંટણીમાં કુલ ૧૬ સભ્યોમાંથી કોંગ્રેસના ૯ અને ભાજપના ૭ સભ્યો ચૂંટાયા હતા. તેથી કોંગ્રેસ દ્વારા સત્તા મેળવવામાં આવી હતી. પણ ભાજપના નેતા ચીમન સાપરીયાએ કાવાદાવા કરીને મોટું ખર્ચ કરીને કોંગ્રેસથી પક્ષાંતર કરાવીને ભાજપમાં ૨ સભ્યો લાવ્યા હતા. કોંગ્રેસમાંથી ભાજપમાં પક્ષાંતર કરેલાં ધનાભાઈને પ્રમુખ બનાવ્યા હતા.

ગયા વર્ષે નગરપાલિકાના પૂર્વ પ્રમુખ સોનલબેન ડી. જાવિયાએ રૂ.૨૫.૮૮ કરોડનું અંદાજપત્ર સરળતાથી મંજૂર કરાવ્યું હતું. પણ આ વખતે ચીમન સાપરીયા અને નરેન્દ્ર કડીવાર પ્રજાના કામો મંજૂર કરાવવામાં સદંતર નિષ્ફળ રહ્યાં છે.

બંગડીઓની અસર આજે પણ છે

ભાજપ સરકારના પ્રધાન હતા ત્યારે ૯ ડિસેમ્બર ૨૦૧૭માં ચીમન સાપરિયાને જામજોધપુરના સીદસરમાં ઉમિયા માતાજીના મંદિરમાં પાટીદાર મહિલાઓએ બંગડીઓ પહેરાવીને ધક્કે ચડાવીને હુરિયો બોલાવ્યો હતો. ત્યાંથી તેમણે ભાગી જવું પડ્યું હતું. તેની અસર આજે પણ લોકોમાં જોવા મળી રહી છે. પાટીદાર અનામત આંદોલનમાં તેમણે સહકાર ન આપતાં સભ્યો પણ વિરોધમાં છે.

કોંગ્રેસના ધારાસભ્ય ચિરાગ કાલરીયા અને તાલુકા પંચાયતના સભ્યો સતત માંગણી કરી રહ્યાં છે કે જામજોધપુર વાસ્તારમાં ચાલતાં દારુના અડ્ડા પરથી ભાજપના નેતાઓ હપ્તા લે છે તે બંધ કરાવવામાં આવે અને વિકાસ માટે વધું નાણાં સરકારમાંથી લાવવામાં આવે. આ કારણસર જ પૂર્વ કૃષિ મંત્રી ચીમનલાલ સાપરીયા દારૂના અડ્ડા ચાલતાં હોવાના કારણે ચૂંટણી હારી ગયા હતા. ભાજપના નેતાઓના કુટુંબીજનો દારૂ વેચતા હોવાની ફરિયાદો થઈ છે. કૃષિ પ્રધાન આર સી ફળદુ પણ ચીમન સાપરીયાનું પ્રભુત્વ ઓછું કરવા ગઈ ચૂંટણીથી પ્રયાસ કરી રહ્યાં છે. કારણ કે તેઓ કૃષિ પ્રધાન બનવા માંગતા હતા. આ બધા કારણોથી ભાજપની નાલેશી અંદાજપત્રમાં થઈ છે. કોંગ્રેસે તેના ચૂંટણી પ્રચારમાં સ્પષ્ટ રીતે આરોપો મૂક્યા હતા જામજોધપુરમાં દારૂની બદી ઊભી થઈ છે તેની પાછળ ભાજપના ચીમનલાલ છે અને કોંગ્રેસ ક્યારેય દારૂની બદીને જામજોધપુરમાં પ્રોત્સાહના નહીં આપે. જામનગર જિલ્લા પંચાયતના ભાજપના જામવાળી બેઠકના સભ્યના ભાઈ કાના લાખા મોરી લાખો રૂપિયાનો દારૂ વેચતો પકડાઈ જતાં તેનાં ગંભીર પડઘા પણ તાલુકા પંચાયતમાં પડ્યા છે. આ અગાઉ ભાયાવદરમાંથી દારૂ પડકડાયો હતો ત્યારે પણ જામજોધપુરના વગદાર નેતાનું નામ ખૂલ્યું હતું. પણ પછી તે પ્રકરણ બંધ કરી દેવા માટે ગાંધીનગરથી દબાણ કરાયું હતું. હવે તો ભાજપના નેતાઓ પોતે જ દારૂ બનાવીને વેચતાં હોવાનું પોલીસની રેડમાં બહાર આવ્યું છે. જેમાં કાના લાકા મોરીનું નામ ખૂલ્યું છે. આમ હવે ભાજપના નેતા આ ધંધામાં આવી ગયા છે અને તેને જામજોધપુરના નેતાઓ ટેકો આપી રહ્યાં છે. ભાજપના નેતાને પોલીસે દારૂના ગુનમાં ફરાર જાહેર કર્યા હતા.

ભાજપમાં બળવો

જામજોધપુરમાં ભાજપના ઉમેદવાર ચીમન સાપરીયાના તુમાખી ભર્યા વર્તન સામે તેના જ સાથીદાર રમેશભાઈ કાશાભાઈ ડાંગર પક્ષના ઉમેદવારને છોડીને અપક્ષ તરીકે લડવાનું નક્કી કર્યું હતું. ભાજપની હારનું એક કારણ તે હતા. પૂર્વ કૃષિ મંત્રી ચીમન સાપરીયાને હરાવવા માટે તેઓ ઊભા હતા. રમેશભાઈ ડાંગર પોતે લાલપુર તાલુકા પંચાયતના સભ્ય રહી ચૂક્યા છે. હવે તાલુકા પંચાયતમાં પક્ષાંતર સહિતના પરિબળો નડી રહ્યાં છે.

મહિલાઓએ મારમારી કરી અને મત ગુમાવ્યા

જામજોધપુર તાલુકા પંચાયતમાં પ્રમુખ નક્કી કરવા કોંગ્રેસના બે સભ્યોના નામની બોગસ સહી કરીને રાજીનામાં પ્રમુખ દ્વારા મંજૂર કરી દેવાયા હતા. રાજીનામાં આપ્યા ન હોવા છતાં ચીમન સાપરીયા અને નરેન્દ્ર કડીવાર દ્વારા કાવાદાવા કરાયા હતા. ૨૧ જૂન ૨૦૧૮માં જામજોધપુરમાં તાલુકા પંચાયતની મધ્યસત્ર ચૂંટણી વખતે ભાજપ-કોંગ્રેસની મહિલા સભ્યો વચ્ચે મારામારી થઈ હતીબન્ને સભ્યોએ તાલુકા પંચાયત પ્રમુખ સામે ફોજદારી ફરિયાદ નોંધાવી હતી. હવે ભાજપના સભ્યો પણ નારાજ છે. અને અંદાજપત્રની બેઠકકમાં ગેરહાજર રહ્યાં હતા.

પવિત્ર નદીઓ પણ અપવિત્ર થઈ

જામજોધપુરમાં ૬૮ ગામ છે. જેમાં તમામમાં એકથી ૧૦ સુધી દારુના સ્ટેન્ડ ચાલે છે. વાડીએ અને ઘરે ડીલેવરી આપવામાં આવે છે. જે તાલુકાના ૧ લાખ હેક્ટરમાં પથરાયેલા જંગલોમાં દારુ બનાવવામાં આવે છે. ૮૮૫૧૭ હેકટર ખેતીની જમીન છે જ્યાં માંગો ત્યાં દારુ પહોંચાડવામાં આવે છે. જ્યારે હવે તો તાલુકાની ૬૨,૧૦૦ હેક્ટર ગૌચરની જમીનમાંથી ઘણી જમીન પર દારુ ગાળવાની ભઠ્ઠીઓ થઈ હતી. જેમાં ફુલઝર, ડાયમીણસાર, વેણુ, બિલેશ્વરી જેવી પવિત્ર નદીઓને પણ દારુની ભઠ્ઠીઓથી અપવિત્ર કરવામાં આવી છે.

કયા સભ્યો છે

બાલવાના ગોમી લખમણ વડેચા, બુટાવદરના ગોવિંદ ભીમા ધ્રાંગું, ધ્રાફાના શોભના પ્રહલાદ જાડેજા, ગીંગણીના પ્રતિભા રમેશ કાલરીયા, ઈશ્વરિયાના દક્ષા નગેશ કારંગીયા, જામવાળીના એકતા હર્ષદ સુતરીયા, માંડાસણના મંછા ભીખા બારીયા, મોટા વડિયાના જીજ્ઞા ગોવિંદ ચાવડા, મોટી ગોપના રંભી જગા કરથિયા, પાટણના સંજના દેવા પરમાર, સડોદરના ગોવિંદ મેધા વારગીયા, સમાણાના પરેશ ઘેલા હિરપરા, સતાપરના ચના પરબત સિંધલ, શેઠવડાળાના મયુર વલ્લભ ડઢાણીયા, સીદસરના મનોજ લખમણ ભડાણીયા, તરસાઈ-સખપુરના લીલા રૂડા કુડેચા, નવાણાના ધાના મેરામણ બેરા અને વાંસજાલીયાના જમનાદાસ રૂડા ઘરસંડિયાનો સમાવેશ થાય છે.

ભાજપના નેતા જુગાર રમતાં પકડાયા

જામજોધપુરના ભાજપ અગ્રણી અને વાસ્મો યોજનાના ડીરેકટરનો પુત્ર જયદીપ અમુભાઈ વૈષ્ણાણી બહારથી જુગારીઓને બોલાવી નાલ ઉઘરાવી તીનપત્તીનો જુગાર ચલાવતો પોલાસે ૧૨ ફેબ્રુઆરી ૨૦૧૮માં પકડ્યો હતો. સ્ટેશન પ્લોટના શૈલેષ જમનાદાસ કાલરીયા, રાકેશ રામજી બકોરી, ભાવીન કુમાર નાનજી સવાણી અને ખાંટ શેરીમાં રહેતા રસિક દામજી ખાંટને પકડી લીધા હતા.

મગફળી કૌભાંડમાં કોઈ પગલાં ન લેવાયા

પૂર્વ કૃષિ મંત્રી ચીમન સાપરીયા કૌભાંડી સહકારી મંડળીના પ્રમુખ હોય સરકાર આ સમગ્ર કૌભાંડમાં સહભાગી હોવાનું સાબિત થાય છે, તેવો આક્ષેપ જામજોધપુરના ધારાસભ્ય ચિરાગ કાલરીયાએ કર્યો હતો.

સરકાર આ સમગ્ર કૌભાંડમાં તેમના મળતિયાઓને છાવરવાનો પ્રયત્ન કરી રહી હતી. લાલપુરમાં આવેલી સહકારી મંડળી ઉપર જનતા રેડ કરી સમગ્ર પ્રકરણ ખુલ્લુ પાડયુ હતું. ત્યારે સરકારે આ મુદાને ગંભીરતાથી નોંધા માંની કાર્યવાહી કરી હોત તો આજે આ દિવસો જોવાનો વારો ન આવત. તેથી તેની અસર સમગ્ર તાલુકામાં થઈ છે.

જેટલા વાઈરસ ઓછા તેટલી તે વ્યક્તિથી બીજાને ચેપ લાગવાની શક્યતા ઓછી

'કેમ છો? મજામાં?' એમ કોઈને પૂછીએ તો એક જ જવાબ મળે કે આ શરદી લોહી પી ગઈ છે. શરદી અને ઝાડા એ બહુ જ વિચિત્ર રોગ છે. સામાન્ય રીતે શરદી-ઉધરસને મોટો રોગ માનવામાં નથી આવતો. તાવ હોય તો ઠીક પરંતુ શરદી હોય તો કોઈ રજા પાડે તેવું બનતું નથી. પરંતુ આ જ કારણે તકલીફ પડે છે. શરદીમાં નાકમાં શેડા આવતાં જ રહે ત્યારે શાળા હોય કે ઑફિસ, બહુ તકલીફ પડે છે.

નાનાં છોકરાં હોય તો તેમને જો શેડા કાઢતાં ન આવડે અને શેડા ચાલ્યાં જાય તો નાક-હોઠ ગંદા થઈ જાય. આ દ્રશ્ય ઘણાને ચીતરી ચડાવનારું હોય છે. તો મોટા લોકોને તકલીફ એ પડે છે કે શરદી હોય અને નાકમાં શેડા વારંવાર આવે તો રૂમાલથી શેડા કાઢે ત્યારે અવાજ આવે. તે વખતે બધાનું ધ્યાન તેના તરફ ખેંચાય. ગમે તેટલું નાક દાબીને કોઈને ન દેખાય તેમ શેડા કાઢવામાં આવે તો પણ ઘણા ચોખલિયાવને નથી ગમતું હોતું.

કેટલાક એવું માને છે કે ઠંડીના કારણે શરદી થાય છે. પરંતુ આરોગ્ય નિષ્ણાતો મુજબ, ઠંડી કરતાં ઠંડી લાગવાથી ઘરમાં પૂરાઈ રહેવાથી કે ઑફિસમાં બધી બાજુથી બારીબારણાં બંધ રાખવાથી જે હવા એકની એક ફરે છે તેના કારણે શરદી વધુ થાય છે. જોકે જરૂરી નથી કે શરદી ઠંડીમાં જ થાય. ચોમાસામાં કે ધૂળથી, એલર્જીથી, ગરમીથી પણ થઈ શકે છે. શરદીમાં ગળું પકડાય જાય છે. અવાજ બેસી શકે છે. શરીર તૂટ્યા રાખે. ક્યાંય ગમે નહીં. ચિડિયાપણું આવી જાય છે.

ઉપરાંત નાક બંધ થઈ જાય. શ્વાસની પણ તકલીફ પડે. નાકમાં ગૂંગા જામી જાય છે. આરોગ્યનિષ્ણાતો કહે છે કે સામાન્ય શરદીના પહેલાં ત્રણ દિવસમાં શરદીનો દર્દી ચેપી હોઈ શકે છે. તેનો ચેપ બીજાને લાગી શકે છે. આથી તેણે ઘરે જ રહેવું જોઈએ અને બને તો આરામ કરવો જોઈએ.

જો સપ્તાહ પછી પણ તેની તબિયતમાં કોઈ સુધારો ન થાય તો તેને લાગેલો ચેપ એ બૅક્ટેરિયાને લગતો હોઈ શકે છે અને આવી સ્થિતિમાં તેને એન્ટિબાયૉટિક્સની જરૂર પડી શકે છે. શરદીમાં આગળ એ પણ લક્ષણો હોઈ શકે છે કે કપાળ કે આંખોની વચ્ચે દુ:ખાવો થઈ શકે છે. દાંતમાં દુ:ખાવો થઈ શકે છે. મોઢું ભારે ભારે લાગે છે.

પશ્ચિમવાળા ટિશ્યૂ બહુ વાપરે. પરંતુ ભારતમાં કપાસ, રેશમ, મલમલ વગેરે વર્ષોથી વધુ થતું હોઈ, અહીં વસ્ત્રની પરંપરા રહી છે. રૂમાલનો ઉપયોગ થાય છે. જેને અંગ્રેજીમાં હૅન્ડકરચીફ કહે છે. અને પશ્ચિમમાં તો વિવાદ ચાલે છે કે શરદી માટે રૂમાલ સારો કે ટિશ્યૂ પેપર? આરોગ્યનિષ્ણાતો કહે છે કે સુતરાઉ રૂમાલ વધુ સારો કારણકે તે નાજુક હોય છે

એરિઝોના નર્સીસ એસોસિએશનમાં નર્સ ડેનિસ લિક કહે છે કે રૂમાલ વધુ સારો. કેટલાક લોકો શરમના માર્યા, તો કેટલાક આજુબાજુવાળા શું કહેશે તેની ચિંતામાં તો કેટલાકને ફાવટ ન હોઈ, ડૉક્ટરની દવા લેવાનું પસંદ કરે છે, પરંતુ નાકમાંથી શેડા કાઢતા નથી.

હકીકતે પશ્ચિમના આરોગ્ય નિષ્ણાતો પણ કહે છે કે નાકમાંથી શેડા કાઢવા જ જોઈએ. શરદીની ખરેખર તો એ જ સારી દવા છે. શરદીને એલોપેથિક દવાથી દબાવી દેવી યોગ્ય નથી. કેટલાકને મોઢામાં ગળફા આવતા હોય છે. પરંતુ બાથરૂમમાં જઈ થૂંકવાની આળસે ગળે ઉતારી જાય છે. (જેમને આ વાક્યથી ચિતરી ચડી હોય તે માફ કરે, પરંતુ આ વાત લખવી જરૂરી હતી) તેમ કરવું સારું નથી કારણકે એ કફનો ગળફો એક જાતનો કચરો જ છે. તે માંડમાંડ એક તો મોઢા સુધી આવ્યો હોય અને તેને તમે થૂંકવાના બદલે ગળે ઉતારી જાવ તો તે શરીરને નુકસાન કરે છે.

શરદીમાં આયુર્વેદિક ઉપાયોમાં હળદર, સૂંઠ, આદુ, નાસ, વગેરે સારાં છે. તો સાથે પાણી, રસ, સૂપ અને સ્પૉર્ટ્સ ડ્રિંક પણ સારાં છે. જેમને યોગમાં નેતિ આવડતી હોય તેમણે જળનેતિ કરવી જોઈએ. તે ન ફાવે તો અનુલોમ-વિલોમ પ્રાણાયામ કરવા જોઈએ. પરંતુ જેમને શેડા કાઢતા નથી આવડતા તેમનું શું? તેમના માટેઃ નાકના જે નસકોરામાં શેડા હોય તે સિવાયના નસકોરાને હાથની ત્રણ આંગળીએ બંધ કરો અને શેડાવાળા નસકોરામાંથી હવા બહાર કાઢતા હોય તેમ બહાર કાઢો.

દરમિયાનમાં, સ્ત્રીઓ માટે ખુશીની વાત આરોગ્ય નિષ્ણાતો એ કહે છે કે, સ્ત્રીઓમાં ઍસ્ટ્રોજન હોય છે. તે ફ્લુના વાઇરસને નબળો પાડી શકે છે. સામાન્ય રીતે ફ્લુનો વાઇરસ શરીરમાં એક કોષમાં દાખલ થાય છે. તે પોતાના જેવો જ વાઇરસ બનાવે છે. સ્ત્રીઓમાં ઍસ્ટ્રોજનથી વાઇરસની પોતાના જેવી નકલ બનાવવાની ક્ષમતા ઘટી જાય છે.

બાલ્ટીમોરમાં જૉન્સ હૉપકિન્સ બ્લૂમબર્ગ સ્કૂલ ઑફ પબ્લિક હેલ્થનાં પ્રાધ્યાપક સાન્ડ્રા ક્લૈન કહે છે કે જેટલા વાઇરસ ઓછા તેટલી તે વ્યક્તિથી બીજાને ચેપ લાગવાની શક્યતા ઓછી.

હાર્ટ એટેકને ભાખવાની નવી સચોટ પદ્ધતિ તબીબી વિજ્ઞાને શોધી

હૃદયરોગનો હુમલો કહીને આવતો નથી. જોકે પાશ્ચાત્ય તબીબી વિજ્ઞાને તેને ભાખવાની પદ્ધતિ જરૂર શોધી કાઢી છે. પરંતુ એ કેટલી સચોટ છે તે તપાસ અને અભ્યાસનો વિષય છે. હૃદયરોગના હુમલાને મહિનાઓ પહેલાં ભાખી શકાય છે. આ માટે દર્દીમાં હાજર હાઇપર કૉલેસ્ટેરોલેમિયા, હાઇપર ટેન્શન, ડાયાબિટીસ, તમાકુનો વપરાશ, સ્થૂળતા, કસરતનો અભાવ વગેરે જોખમી પરિબળોનું આકલન કરવામાં આવે છે.

એક્સર્સાઇઝ ટ્રેડમિલ ટેસ્ટિંગ, સ્ટ્રેસ ઈકો, મલ્ટિપલ ઇમેજિંગ, કેલ્શિયમ સ્કોર્સ સાથે સીટી સ્કેનિંગ અથવા એન્જિયોગ્રાફી વગેરે દ્વારા તણાવનું પરીક્ષણ પણ કરાય છે. આ બધાં દ્વારા હૃદય કેટલું તંદુરસ્ત છે તે ખબર પડે છે. જો તેની સારવાર ન કરાય તો એવી સંભાવના વધે છે કે દર્દીને હૃદયરોગનો હુમલો થશે.

ઘણી વાર દર્દીઓને હૃદયરોગનો હુમલો ખરેખર આવે તે પહેલાં તેમને છાતીમાં દુ:ખાવો થવા લાગે છે. જો તે વખતે તેઓ ડૉક્ટર પાસે જાય અને તેની સારવાર કરાવે તો હૃદયરોગનો હુમલો ટાળી શકાય છે. જોકે હજુ વધુ સચોટ રીતે હૃદયરોગનો હુમલો ભાખવાની પદ્ધતિ



શોધાઈ રહી છે અને આવી જ એક નવતર પદ્ધતિ છે સ્ટ્રેસ કાર્ડિયાક એમ.આર.આઈ.

સ્ટ્રેસ કાર્ડિયાક એમ.આર.આઈ.થી હૃદયરોગનું નિદાન જ નથી થતું પરંતુ સંભવિત જીવલેણ કિસ્સાઓને ભાખી પણ શકે છે તેમ ડ્યુક યુનિવર્સિટી મેડિકલ સેન્ટરમાં થયેલા એક અભ્યાસમાં તારણ નીકળ્યું છે. આ અભ્યાસનાં તથ્યો જામા કાર્ડિયોલૉજીમાં પ્રકાશિત થયાં છે.

વિશાળ અને અનેક કેન્દ્રમાં કરાયેલા અભ્યાસનાં પરિણામો સૂચવે છે કે કાર્ડિયાક મેગ્નેટિક રીઝૉનન્સ અથવા સીએમઆરમાં કૉરોનરી આર્ટરી રોગની તીવ્રતા ઓળખવા માટે ઈકો કાર્ડિયોગ્રામ, કેથેટરાઇઝેશન અને સ્ટ્રેસ ન્યુક્લિયર એક્ઝામના બદલે સંભવિત-બિન આક્રમક, બિનઝેરી વિકલ્પ છે.

ડ્યુક કાર્ડિયોવેસ્ક્યુલર મેગ્નેટિક રીઝૉનન્સ સેન્ટરના સહ નિર્દેશક અને વરિષ્ઠ લેખક રૉબર્ટ જ્યુડ કહે છે કે, "સંશોધનના તારણથી જાણવા મળે છે કે સ્ટ્રેસ સીએમઆર હૃદયરોગના જીવલેણ તબક્કાની અચૂક આગાહી કરીને મૃત્યુ નિવારી શકે છે. આપણે કેટલાક સમયથી જાણીએ છીએ કે સીએમઆર કૉરોનરી આર્ટરી રોગનું નિદાન કરવામાં તો અસરકારક છે પરંતુ હજુ પણ તેનો સામાન્ય વપરાશ નથી."

"બહોળા વપરાશમાં એક અડચણ એ છે કે તેની આગાહી અંગે માહિતીનો અભાવ છે, જે આ ટૅક્નૉલૉજીની હરીફ ટૅક્નૉલૉજી પાસે છે. અમારો અભ્યાસ કેટલીક શંકાઓ નિર્મૂળ કરે છે, જોકે સીએમઆર અને અન્ય ટૅક્નૉલૉજી વચ્ચેની સીધી સરખામણી નિશ્ચયાત્મક હશે. જ્યુડ અને તેમના સાથીઓએ અમેરિકાની સાત હૉસ્પિટલોમાં સીએમઆર કરાવનાર ૯,૦૦૦થી વધુ દર્દીઓની માહિતીનું વિશ્લેષણ કર્યું હતું અને ૧૦ વર્ષ તેનું અનુસરણ કર્યું હતું.

હૃદયરોગનો કોઈ ઇતિહાસ ન હોય અને પરંપરાગત દવાખાનાનાં ધોરણ મુજબ જેમને ઓછું જોખમ છે તેવા દર્દીઓ માટે, જેમનું અસાધારણ સીએમઆર સ્કેનવાળા દર્દીઓનું મૃત્યુ થવાની સંભાવના સામાન્ય સીએમઆર સ્કેનવાળા દર્દીઓ કરતાં ૩.૪ ગણી વધુ છે. સમગ્ર દર્દીઓમાં સંશોધકોને અસાધારણ સ્ટ્રેસ સીએમઆર અને મરણાધીનતા વચ્ચે મજબૂત તંતુ જણાયો હતો. અને દર્દીની ઉંમર, લિંગ અને હૃદયનાં જોખમી પરિબળોને ધ્યાનમાં લીધા બાદ પણ આમ જણાયું હતું.

જ્યુડનું કહેવું છે કે "બિનઆક્રમક કાર્ડિયાક સ્ટ્રેસ ટેસ્ટિંગ એ કૉરોનરી આર્ટરી રોગવાળા કે આ રોગની શંકા હોવાના દર્દીઓના દવાખાના પ્રબંધનમાં એક આધારશિલા છે. હૃદયની દીવાલની ગતિ, કોષનું મૃત્યુ અને નીચા રક્તપ્રવાહની હાજરી ઓળખવામાં બીજાં પરીક્ષણો કરતાં સીએમઆર વધુ સારી રીતે કામ કરે છે તેમ નોંધતા જ્યુડ ઉમેરે છે કે આ ટૅક્નૉલૉજીનો ફાયદો એ છે કે તેમાં કોઈ રેડિયેશન તમારા શરીરને અડતું નથી. ન્યુક્લિયર સ્ટ્રેસ ટેસ્ટમાં રેડિયેશન તમારા શરીરને અડે છે અને અમેરિકામાં સામાન્યતઃ ન્યુક્લિયર સ્ટ્રેસ ટેસ્ટ જ ઉપયોગમાં લેવાય છે.

આની પાછળનું કારણ? જ્યુડ કહે છે, "સ્ટ્રેસ સીએમઆરનો મર્યાદિત ઉપયોગ થાય છે તેની પાછળ અનેક કારણો છે, જેમાં સારી ગુણવત્તાની પ્રયોગશાળાઓની પ્રાપ્યતા, જે દર્દીઓ મેગ્નેટાઇઝેશનમાં જવા નથી માગતા તેમને બાકાત રાખવા અને દર્દીઓનાં પરિણામો અંગેની માહિતીનો અભાવ વગેરેનો સમાવેશ થાય છે. જોકે જ્યુડ કહે છે કે આ અભ્યાસનાં તારણો બાદ સ્ટ્રેસ સીએમઆર અને અન્ય પદ્ધતિઓ વચ્ચે લોકો સરખામણી અથવા અભ્યાસ કરી શકશે.



સાતમા પગાર પંચની માંગ સાથે એસટી નિગમના કર્મચારીઓએ ધરણાનો કાર્યક્રમ યોજી આગામી તા. ૨૦મીએ રાજ્યસભરમાં બસના પૈંડા થંભાવી દેવાની જાહેરાત કરી હતી.

૨૦મીની મધ્યરાત્રિથી એસટી બસના પૈડા અચોક્કસ મુદ્દત માટે થંભી જશે

૭મા પગાર પંચની માંગણી, બે દિવસ સુધી ધરણાનો કાર્યક્રમ યથાવત

સુરત

સમગ્ર ગુજરાત રાજ્યના એસટી નિગમના કર્મચારીઓને સાતમું પગાર પંચ નહીં આપતા અને હજુ સુધી રાજ્ય સરકાર દ્વારા તેની ચૂકવણી સંદર્ભે કોઈ પગલા નહીં ભરવામાં આવતા રાજ્યની એસટી સંકલન સમિતિ દ્વારા ૨૦મી ફેબ્રુઆરીની મધ્યરાત્રિથી સુરત સહિત સમગ્ર ગુજરાત રાજ્યની આઠ હજાર એસટી બસોના પૈડા થંભી જશે. જેકે, ૧૮ અને ૧૯મી ફેબ્રુઆરીના રોજ એલ.એચ. રોડ પર આવેલી વિભાગીય નિયામકની ઓફિસ બહાર એસટી નિગમના કર્મચારીઓ ધરણા-પ્રદર્શન અને સૂત્રોચ્ચાર કરશે. એવું એસટી કર્મચારી યુનિયનના અગ્રણી કૌશલ દેસાઈ અને રશીદ શેખે જણાવ્યું હતું.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, ૭માં પગાર પંચ તેમજ એસટી કર્મચારીઓની વિવિધ માંગણીઓના સંદર્ભમાં સંકલન સમિતિ દ્વારા નિગમના વહીવટી વડા તેમજ વાહન વ્યવહાર મંત્રીઓ સાથે વારંવાર પરામર્શ કરી લેખિત રજૂઆતો કરવામાં આવી હતી. સંકલન સમિતિ દ્વારા જે પડતર પ્રશ્નો અંગે માંગણીઓ કરવામાં આવી છે. તે આ મુજબ છે. ૭માં પગાર પંચનો તાત્કાલિક અમલ કરી નિગમના કર્મચારીઓને તેનો લાભ આપવો. ફિક્સ પગારના કર્મચારીઓને સરકારના ધારાધોરણ મુજબના તમામ નાણાંકીય લાભાલાભો તેમજ અન્ય સવલતો આપવી. સને ૨૦૧૧ પહેલાના અંદાજીત ૧૦૦૦ જેટલા આશ્રિતો છે. જ્યારે નિગમમાં પટાવાળા, વોચમેનની ભરતી થતી નથી. ત્યારે આવા બાકી રહી ગયેલ આશ્રિતોને સત્વરે નિગમમાં નોકરી આપવી અથવા સરકારના ધારાધોરણ મુજબ આર્થિક પેકેજનો લાભ આપવો સહિતનીમાંગણી દોહરાવી હતી.

ડીંડોલીમાં બનેવીની હત્યામાં સામેલ યુવક ઉપર જીવલેણ હુમલો

સુરત

બનેવીના હત્યામાં સામેલ હોવાનો વહેમ રાખી દસ જણાંએ ઘાતક શસ્ત્રો સાથે ઉપર જીવલેણ હુમલો કર્યો હતો. ડીંડોલી પોલીસ હત્યાની કોશિષનો બનાવ નોંધાયો હતો.

ડીંડોલી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ નવાગામ ડીંડોલી કેશવનગરમાં રહેતો જગદીશ સુભાષ પાટીલ (ઉ.વ. ૨૫) ને આરોપી ભૂષણ બંસીલાલ પાટીલ, કરણ ઉર્ફે માયડો, રાહુલ દુડીયો, આકાશ, બંટી, રાહુલ પારધીવાડ, તથા અન્ય ત્રણ જણાંએ ઘાતક શસ્ત્રો સાથે હુમલો કર્યો હતો. આરોપી ભૂષણ પાટીલના બનેવીની હત્યા થઈ હતી. આ હત્યામાં તારો પણ હાથ હતો. તેમ કહીને આરોપી ભૂષણ સહિત ટોળકી ફરિયાદી ઉપર તૂટી પડી હતી. ગંભીર ઈજા પામેલા જગદીશ પાટીલને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. ડીંડોલી પોલીસે હત્યાની કોશિષનો બનાવ નોંધી તપાસ હાથ ધરી છે.

બલેશ્વર પાટિયા પાસેથી દારૂનો જથ્થો લઈને જતી વાન ઝડપાઈ

સુરત

પલસાણા તાલુકાના બલેશ્વર પાટિયા પાસેથી દારૂ ભરેલી વાન સાથે ડ્રાઈવર સહિત પોલીસે ઝડપી પાડયા હતા. તેમજ દારૂનો જથ્થો અને વાન મળી કુલ રૂા. ૧.૮૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

જિલ્લા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પલસાણા પોલીસેગ ઈકાલે બાતમી આધારે બલેશ્વર પાટિયા શિવશક્તિ હોટલની સામે હાઈવે-પરથી દારૂ ભરેલી વાન નંબર જીજે-૨૧-સીએ-૦૮૩૮ને ઝડપી પાડી હતી. અને કાયદેસરની કાર્યવાહી સાથે વાનના ડ્રાઈવર ગોપાલભાઈ દગુભાઈ ભરવાડ (રહે. ઉન ગામ આશ્રમની બાજુમાં તા. જિ. નવસારી તથા વિકાસ રાકેશભાઈ પટેલ રહે. વિઠ્ઠલ મંદિરની પાસે હનુમાન નગર સોસાયટી વિજલપુર નવસારીની ધરપકડ કરી હતી. જ્યારે અન્ય આરોપી સૂજુ ઉર્ફે સંજય વર્મા સહિત બે આરોપીને વોન્ટેડ જાહેર કર્યા હતા. આ ઉપરાંત પોલીસે રૂા. ૧,૮૧,૨૦૦નો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ શરૂ કરી હતી.

અઠવા-અડાજણમાં બે કારના કાચ તોડી ચોરી

સુરત

નાનપુરા કાદરશાની નાળ પાસે ખાલીફા મહોલ્લાના અલી સૈયદા ફલેટમાં રહેતા મોહંમદ ઝકી ગુલામ અલી મોમીને તેની કાર ફલેટના પાર્કિંગમાં પાર્કકરી હતી. દરમિયાન અજાણ્યા કારનો કાચ તોડી લેપટોપ સહિત કુલ રૂા. ૨૫૦૦૦ની મતા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચોરીના બનાવ અંગે અઠવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ શરૂ કરી હતી. અડાજણ સ્થિત મોરારજી દેસાઈ ગાર્ડન સામે જલારામ સોસાયટીના મકાન નંબર ૪૨માં રહેતા મીતેશભાઈ શશીકાંતશાહે ઘર પાસે પાર્ક કરેલી તેની કારનો કાચ તોડી અજાણ્યા રૂા. ૫૫ હજારની મ્યુઝિક સિસ્ટમચોરી કરી બેઅજાણ્યા ફરાર થઈ ગયા હતા.

તાપી પાળા પર ગેરકાયદે દબાણો દૂર કરવા માટે કાર્યવાહી શરૂ

સુરત જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં પ્રશ્ન રજૂ કરાયો

સુરત

સુરત જિલ્લા સંકલન સમિતિ બેઠક કલેકટરાલયના સભાખંડમાં મળી હતી. જેમાં પ્રજાહિતના વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી.

સંકલન સમિતિ બેઠકમાં જમ્મુ કાશ્મીર પુલવામાં સૈન્ય જવાનો પર થયેલા આંતકી હુમલામાં શહીદ થયેલા જવાનોને બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. ઈન્ચાર્જ કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી એચ.કે.કોયાના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં ધારાસભ્યોશ્રીએ પ્રજાહિતના અનેક પ્રશ્નો રજુ કર્યા હતા. ધારાસભ્યશ્રી વિનુભાઈ મોરડીયાએ તાપી નદીના પાળાઓ પર કતારગામથી કુલપાડા સહિતના દબાણો દૂર કરવા રજૂઆત કરતાં સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર દ્વારા પાળાઓ પર દબાણ દૂર કરવાની કાર્યવાહી ચાલુ હોવાનું જણાવી, ૧૮,૧૯ તારીખ સુધીમાં દબાણો દૂર કરી, ભવિષ્યમાં લોકો દબાણ ન કરે તે માટે મહાનગરપાલિકાના સંકલનમાં રહીને કામગીરી કર, સતત મોનીટરીગની વ્યવસ્થા ગોઠવવામાં આવશે, તેમ જણાવ્યું હતું.

ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલે લિંબાયત-ઉધના વિસ્તારમાં નડતરરૂપ વીજપોલ દૂર કરવા પ્રશ્ન રજૂ કર્યો હતો. જીઈબીના અધિકારી ઘ્વારા નિયમ મુજબ કામગીરી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

ધારાસભ્યશ્રી પ્રવીણભાઈ ઘોઘારીએ બિનઅનામતના દાખલો મેળવવા પડતી મુશ્કેલી નિવારવા રજૂઆત કરતાં, કલેકટરશ્રીએ અમદાવાદની જેમ દાખલાઓ આપવા અલગ સેલ બનાવવા દરખાસ્ત કરી, તાત્કાલિક ધોરણે નાગરિક સુવિધા કેન્દ્ર ખાતે દાખલાઓ આપવા અધિકૃત કરવા વિચારણા કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ રાણાએ આયુષ્માન ભારત યોજના હેઠળ શહેરી વિસ્તારમાં નકકર કામગીરી થાય તે માટે રજૂઆત કરી હતી. કલેકટરશ્રીએ આરોગ્ય વિભાગના સંકલનમાં રહીને મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગને કામગીરી કરવા જણાવ્યું હતું. ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલે ઓલપાડના કાંઠા વિસ્તારમાં મીઠાના અગરોની પટામુદત પુરી થઈ હોવા છતાં હાલમાં ચાલુ છે, તેવો પ્રશ્ન રજુ કરતાં કલેકટરશ્રીએ પ્રાંત અધિકારી અને મામલતદારને જરૂરી કાર્યવાહી કરવા જણાવ્યું હતું. ધારાસભ્યે કીમ-કઠોદરા દબાણો દૂર કરવા, તુંડા માયા ફળિયા રસ્તો કંપનીઓ ઘ્વારા રીપેર કરવા રજુઆત કરી હતી. પ્રાંત અધિકારીને જીપીસીબી અને કંપનીના અધિકારીઓ સાથે બેઠક કરીને યોગ્ય ઉકેલ લાવવા કલેકટરે જણાવ્યું હતું.

નીતિનભાઈએ કાશ્મીર મુદ્દે કોંગ્રેસને સલાહ આપીને આપક્ષેપબાજી શરૂ થઈ,રાજ્યપાલે ભાષણ ટૂંકાવુ પડ્યુ

વિપક્ષના સૂત્રોચ્ચાર-હોબાળા સાથે બજેટ સત્રનો પ્રારંભ: આજે લેખાનુદાન બજેટ રજુ કરશે

ભાષણો કર્યા વગર પાક.ને સબક શીખવોઃ અમિત ચાવડા

ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં વિરોધ પક્ષના હોબાળા વચ્ચે સોમવારથી બજેટ સત્રનો પ્રારંભ થયો. રાજ્યપાલ ઓ.પી કોહલીના સંબોધનથી બજેટ સત્રનો પ્રારંભ થયો હતો. પ્રથમ દિવસે રાજ્યપાલના પ્રવચન બાદ પુલવામાના આતંકી હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને આતંકી હુમલાને ધ્યાનમાં રાખીને સોમવારની કાર્યવાહી મુલતવી રાખવામાં આવી. ત્યારે રાજ્યપાલના પ્રવચન સાથે જ કોંગ્રેસના ધારાસભ્યોએ વિરોધ શરૂ કર્યો હતો. વિધાનસભામાં સૌ પ્રથમ મુખ્યપ્રધાને શોક સંદેશ રજૂ કર્યો હતો. તેઓએ સમગ્ર દેશ શહીદ જવાનોના પરિવારની પડખે છે. અને આર્થિક સહાય કરવામાં આવી રહી છે. તો સાથે જસમગ્ર દેશ આતંકીઓ સફાયો થાય તેવી માંગ કરી રહ્યુ હોવાની વાત પણ મુખ્યપ્રધાને સંબોધન દરમિયાન કહી હતી. આ સત્રમાં પૂર્વ પ્રધાન મનોહરસિંહ જાડેજા, પ્રવિણસિંહ ગોહિલ, જયંતિ ભાનુશાળા, પ્રેમજી વડલાણી, ભગવાનસિંહ ચૌહાણ અને જીત સિંહ પરમારના નિધનનો પણ શોક સંદેશ રજૂ કરવામાં આવ્યો હતો.

પ્રસ્તાવની ચર્ચા દરમિયાન નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે પોતાના અંગત મંતવ્ય ના નામે કોંગ્રેસ સામે રાજકીય આક્ષેપબાજી કરતા જણાવ્યું હતું કે કાશ્મીરનો પ્રશ્ન જો તે સમયે સરદાર પર છોડી દીધો હોત તો આજની ઘટનાઓ ન બની હોત. કમનસીબે જુદી રીતે કાશ્મીર ને એક કર્યું,પરંતુ સમય પ્રમાણે એક ન કરી શક્યા જે કાંટો ભારત દેશના નાગરિકને આજે પણ ખુચી રહ્યો છે. તે સમયના કોંગ્રેસના શાસકોએ સરદાર પટેલને કાશ્મીરનો મુદ્દો સોંપવાની જરૂર હતી.

નીતિન પટેલના આ રાજકીય અવલોકનનો જવાબ આપતા કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ ભાજપની સરકાર સામે આક્ષેપ કરતા કહ્યું કે આતંકવાદી હુમલાને રોકવામાં સરકાર નિષ્ફળ ગઈ છે. સરદારના નેતૃત્વમાં દેશને એક અને અખંડ રાખવાના પ્રયત્નો કોંગ્રેસની સરકાર દ્વારા કરવામાં આવ્યા છે. દેશની એકતા અને અખંડિતતા માટે કોંગ્રેસે બલિદાનો આપ્યા છે અને આતંકવાદનો ભોગ બન્યા છે. દેશની જનતા સરકાર પાસે અપેક્ષા રાખે છે કે માત્ર ભાષણ કર્યા વગર પાકિસ્તાનને સબક શીખવાડવા માટે જવાબ આપવાની જરૂર છે . આતંકી અઝર મસૂદને વિમાનમાં બેસાડીને આવ્યા ન હોત તો આજે આ થયું ન હોત. કોંગ્રેસના આદિવાસી ધારાસભ્યો સફેદ ફાડિયુ બાંધીને સત્રને આક્રમક બનાવવાની તૈયારી સાથે જ ગૃહમાં આવ્યા હતા. તો બીજી તરફ કોંગ્રેસના ધારાસભ્યો પોતાની ઓળખ સમા સફેદ કાપડ માથે બાંધીને આવ્યા હતા. જેના બાદ ગૃહમાં રાજ્યપાલના પ્રવચનનો પ્રારંભ થયો હતો, પણ પ્રવચનની સાથે જ કોંગ્રેસના ધારાસભ્યોએ વિરોધ શરૂ કર્યો હતો. કોંગ્રેસના વિરોધ વચ્ચે રાજ્યપાલે પોતાનું પ્રવચન ચાલુ રાખ્યું હતું. તેમણે પોતાના પ્રવચનમાં શહીદ જવાનોનો ઉલ્લેખ કરીને તેમણે શ્રદ્ધાંજલિ આપી હતી. તો બીજી તરફ, કોંગ્રેસના ધારાસભ્યોએ પોતાની જગ્યાએ ઊભા રહી આતંકવાદી અમે તમારી સાથેના સૂત્રોચ્ચાર કર્યા હતા. તેમજ 'આતંકવાદનો સામનો કરો અમે તમારી સાથે છીએ'ના પણ સૂત્રોચ્ચારો કર્યા હતા. કોંગ્રેસના ધારાસભ્યોએ રાજ્યપાલના પ્રવચનમાં સતત ખલેલ ઉભો કરતા તેમણે પોતાનું પ્રવચન ટૂંકાવ્યું હતું અને વિરોધ વચ્ચે ત્યાંથી નીકળી ગયા હતા. રાજ્યપાલ ગૃહમાંથી જતા સમયે કોંગ્રેસ અને ભાજપના ધારાસભ્યોએ 'જય જવાન જય કિસાન'ના સૂત્રોચ્ચારો કર્યા. વિધાનસભા ગૃહમાં પુલવામા આતંકી હુમલાના શહીદો માટેનો શોક સંદેશનો વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ સ્વીકાર કર્યોહતો. અને તમણે કહ્યુ હતુ કે, દેશ કપરા સમયમાંથી પસાર થઈ રહ્યોછે. દેશવાસીઓમાં ભારે ગુસ્સો છે. આ વખતે લોકસભાની ચૂંટણીઓના કારણે રાજકીય પક્ષો અને ધારાસભ્યો રાજકીય પ્રવૃત્તિઓમાં વ્યસ્ત થવાના હોવાથી રાજ્ય સરકારનું સંપૂર્ણ બજેટ રજૂ કરવાને બદલે આજે લેખાનુદાન (વોટ ઓન એકાઉન્ટ) કે વચગાળાનું બજેટ રજૂ કરાશે. લેખાનુદાનમાં આગામી ૪ માસ માટેના રાજ્ય સરકારના વહીવટી ખર્ચ અને યોજનાકીય ખર્ચને પહોંચી વળવા માટે જરૂરી હોય તેટલી રકમનું લેખાનુદાન રજૂ કરાતું હોય છે.









વેલંજામાં મિત્રના લગ્નમાં હાજરી આપવા આવેલા અલ્પેશ કથીરિયાની ધરપકડ

પાસ નેતાના રાજદ્રોહના કેસમાં શરતી જામીન રદ થયાં હતા : અલ્પેશ વિરુદ્ધ પાંચ ગુના નોંધાયેલી છે

સુરત

મિત્રના લગ્નમાં હાજરી આપવા ગયેલા અલ્પેશ કથીરિયાને સુરત ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધો હતો. અમરોલી રાજદ્રોહ કેસમાં શરતી જામીન રદ થયા હતા. છેલ્લા ઘણા દિવસોથી પોલીસ વિવિધ જગ્યાએ તેને શોધતી હતી.

મળતી માહિતી પ્રમાણે, અમરોલી રાજદ્રોહના કેસમાં ૩ મહિના અને ૨૦ દિવસ જેલમાં રહ્યા બાદ જામીન મળ્યા હતા. જોકે, જામીન મળ્યાના થોડા દિવસોમાં અલ્પેશ કથીરિયાનો વરાછામાં ટ્રાફિક પોલીસ સાથે વિવાદ થયા બાદ અલ્પેશ વિરુદ્ધ ઉપરા-છાપરી ૫ ગુનો નોંધાયા હતા. તેના આધારે પોલીસે સેશન્સ કોર્ટમાં અલ્પેશના જામીન રદ કરવા માટે અરજી કરી હતી. જે સેશન્સ કોર્ટે માન્ય રાખી હતી. ત્યારબાદ અલ્પેશ ભૂગર્ભમાં ઉતરી ગયો હતો. દરમિયાન પોલીસે તેને પકડવા માટે તેના ગામ અને સગા સંબંધીઓના ઘરે સર્ચ કરીને તેમના જવાબ લીધા હતા. દરમિયાન અલ્પેશ સુરતના વેલંજા ખાતે મિત્રના લગ્નમાં આવ્યો હોવાથી જાણ થતા સુરત ક્રાઈમ બ્રાન્ચે તેની ધરપકડ કરી હતી. અલ્પેશ કથીરિયાની ધરપકડ કરી સુરત ખાતે આવેલી ક્રાઈમ બ્રાન્ચની ઓફિસ લઈ જવામાં આવ્યો છે. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે બપોર બાદ અલ્પેશને કોર્ટમાં રજૂ કરવામાં આવશે. અને રાજદ્રોહ કેસમાં ફરી લાજપોર જેલમાં મોકલવામાં આવે તેની તૈયારી પોલીસ દ્વારા કરવામાં આવી છે.

અલ્પેશ કથીરિયા પોલીસ પકડથી દૂર હતો અને પોલીસ દ્વારા તેના ગામ અને સગા સંબંધીઓના ઘરે સર્ચ કરીને તેમના જવાબ લેવામાં આવતા સોશિયલ મીડિયામાં બે ઓડિયો ક્લિપ વાઈરલ કરી હતી. અને અલ્પેશ ધરપકડ ટાળવા માટે વકીલ મારફત હાઈ કોર્ટમાં બચાવ માટે ક્રીમિનલ રિવિઝન અરજી કરી હતી. જે હાલ પેન્ડિંગ છે.

પાસના કાર્યકરો દ્વારા અલ્પેશને જામીન મળે તે માટે ગવર્નર ઓ.પી. કોહલીને પત્ર લખીને મદદ માંગી હતી. જોકે, ત્યારબાદ પાસના બે આગેવાનો દ્વારા આમરણાંત ઉપવાસ પણ કરવામાં આવી રહ્યા છે. જેમાં ગત રોજ ઉપવાસ પર ઉતરેલા ધાર્મિક માલવિયાની તબિયત પણ લથડી હતી. જેથી તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

તા.૨૩'મીએ ડાંગ જિલ્લાના ચનખલ ગામે યોજાશે કળાનો ત્રિવેણી સંગમ

આહવા

ડાંગ જિલ્લાને કળાક્ષેત્ર સહિત રૂપેરી પડદે પણ ગૌરવ અપાવનારા ચનખલની કલા સંસ્થા વન્ય સંસ્કૃતિ લોક સેવા ટ્રસ્ટ કલા અકાદમીના આર્ટીસ્ટ દ્વારા આગામી તા.૨૩/૨/૨૦૧૯નાં રોજ ચનખલ ખાતે ડાંગની ચિત્રકળા પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર અકાદમીના ચિત્રકાર શ્રી અનિલ પટેલ, કંચન પટેલ તથા શર્મિલા વાઘમારેના પચવે અને વારલી પેઇન્ટીંગ્સ સહિત અનિલ પટેલના સ્કલ્પચરની પ્રદર્શનીને સાંજે ૭:૩૦ વાગ્યે આમંત્રિત મહાનુભાવોના હસ્તે ખુલ્લી મુકાશે. આ કલા પ્રદર્શની સાથે અહીં ડાંગ જિલ્લાને રૂપેરી પડદે ગૌરવ અપાવનાર મૉડેલ, એક્ટ્રેસ, ગાયિકા એવંમ્ નૃત્યાંગના મોનાલિસા પટેલ દ્વારા ભારત નાટ્યમ સહિત ડાંગી નૃત્ય, લાવણી નૃત્ય, ઘુમર નૃત્ય અને બીહુ નૃત્યની રજુઆત કરાશે. સાથે અકાદમીની લીટલ સ્ટાર સીંન્ગર સીમરન પટેલ પણ અહીં હિન્દી ફિલ્મી ગીત સહિત સુગમ સંગીતની રજુઆત કરશે. છેલ્લા દસ વર્ષથી કાર્યરત વન્ય સંસ્કૃતિ લોક સેવા ટ્રસ્ટ કલા અકાદમીની ટ્રાયબલ આર્ટ ગેલેરીમાં તા.૨૩/૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૯નાં દિવસો દરમિયાન આયોજિત આ કળા પ્રદર્શની અને ગીત સંગીત તથા નૃત્યોના કાર્યક્રમને માણવા તથા કલાકારોને પ્રોત્સાહિત કરવા માટે સૌ કળાપ્રેમીઓને આયોજકો દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

લીંબાયતમાં પાંચથી છ વાહનોને સળગાવી નાખી ત્રણ ઈસમો ફરાર

વાહન પાર્કિંગ કરવા બાબતે રત્નકલાકાર સાથે ઝઘડો કરવામાં આવ્યો હતો

સુરત

લીંબાયત શિવકૃપા સોસાયટી પાસે સ્ફોટક પ્રવાહી પાંચથી છ વાહનો પર નાંખી સળગાવી નાંખી અરૂણ, લાલો અને આકાશ નામના ત્રણ આરોપીઓ ફરાર થઈ ગયા હોવાનો બનાવ લીંબાયત પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર લીંબાયત મહાપ્રભુનગર નાગેશ્વર મંદિર પાસે કિરણભાઈ પવાર રહે છે. તેઓ હીરાના કારખાનામાં છુટક મજૂરી કરે છે. મૂળ મહારાષ્ટ્ર જલગાંવના રહેવાસી અને હાલમાં લીંબાયત વિસ્તારમાં રહેતા કિરણભાઈએ પોતાની ગાડી તેમના મિત્રના ઘર પાસે મુકવા ગયા હતા. આ બાબતે અરૂણ, લાલો અને આકાશ નામના ત્રણ આરોપીઓએ તેમની સાથે ઝઘડો કરી રેમ્બો છરો બતાવી સ્પ્લેન્ડર મોટર સાયકલ સહિત અન્ય પાંચેક વાહનો પર સ્ફોટક પ્રવાહી નાંખી સળગાવી નાંખ્યા હતા. આ સાથે ઈલ્યાસ બશીરની દુકાનમાં પણ તોડફોડ કરી નુકસાન પહોંચાડી ધમકી આપી ફરાર થઈ ગયા હતા. લીંબાયત પોલીસે રત્નકલાકારની ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

અંકલેશ્વરમાં માર્ગ પર ઓઈલ ઢોળાતા વાહનો સ્લીપ થયા

અંકલેશ્વર

અંકલેશ્વર ઓએનજીસી ઓફિસ સંકુલ સામેના માર્ગ પર રાત્રિ દરમિયાન કોઈક ભારે વાહનમાંથી ચીકણો પદાર્થ ઢોળાતા માર્ગ લપસણી બની ગયો હતો.મળતી માહિતી અનુસાર અંકલેશ્વર ઓએનજીસી વહીવટી સંકુલની બિલકુલ સામેના માર્ગ પર મોડી રાત્રિ બાદ વહેલી સવાર દરમિયાન કોઈપણ સમયે કોઈક અજાણ્યા ભારે વાહનમાંથી કોઈક પ્રકારનો ચીકણો પદાર્થ મોટી માત્રામાં ઢોળાયો હતો. જોકે આ ઘટનાથી અજાણ અનેક વાહન ચાલકો આના લીધે તકલીફનો ભોગ બન્યા હતા. રસ્તો ચીકણો થઈ જતા કેટલાક ટુ વ્હીલર ચાલકો સ્લીપ થઈ જવાની દુર્ઘટના પણ બની હતી.ફોર વ્હીલ ચાલકો પણ અટવાઈ ગયા હતા. સદ્નસીબે કોઈ મોટી હોનારત સર્જાઈ ન હતી. પરંતુ સ્લીપ થનાર વાહન ચાલકોને સામાન્ય ઈજાઓ થવાના અહેવાલ મળ્યા છે.આ અંગે છેવટે કોઈકે અંકલેશ્વર નગરપાલિકાને જાણ કરાતાં સવારે પાલિકા તંત્ર દ્વારા તાત્કાલિક જે સ્થળે ચીકણો પદાર્થ ઢોળાયો હતો. એના પર માટી નાંખી જેસીબીથી માટીનો થર બનાવી દેવાયો હતો. જોકે આ ઘટનાના લીધે સવારના ટ્રાફિક પર અસર જોવા મળી હતી અને ટ્રાફિક જામ સર્જાયો હતો. જેને પાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર રઘુવીરસિંહ મહીડા તથા સ્ટાફ તેમજ ઓએનજીસીનાં સિક્યુરિટી સ્ટાફે પૂર્વવત કર્યો હતો. જોકે આ પદાર્થ કયો હતો અને કયા વાહનમાંથી ઢોળાયો હતો. એ જાણવા મળે એ પહેલાં જ માટી પાથરી દેવામાં આવી હતી.

આજે ટેલીસકોપ વડે ચંદ્ર દર્શન કરી શકાશે

તા.૧૯ ફેબ્રુઆરીના રોજ રાત્રી અવકાશમાં ચંદ્ર પૃથ્વીથી વધુ નજીક આવવાના કારણે વધુ મોટો તથા વધુ તેજસ્વી દેખાવાનો હોય, સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર, સુરત સીટીલાઈટ રોડ સુરત ખાતે ટેલિસ્કોપ દ્વારા શહેરીજનોને તા.૧૯ ફેબ્રુઆરીના રોજ સાંજે ૭.૪૫ થી રાત્રે ૯ કલાક દરમ્યાન બતાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

સૂરત શહર કે લોહે કે સબસે પુરાને,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
લોહે કે ગડર, ચેનલ, ઐંગલ, પ્લેટ, એચ.આર.-સી.આર.-ગેલ્વેનાઇઝ શીટ, પટ્ટી, પાટા, બાંધકામ કે T.M.T. બાર, બ્રાઇટ બાર, પાઈપ એવં લોહે કી પ્રત્યેક આઇટમ કે 45 વર્ષ સે વિશ્વસનીય વ્યાપારી
સેલ SAIL
શાહ એન્ડ કંપની
JINDAL
રોડ નં.15, ઉધોગનગર, ઉધના, સૂરત.
Ph.: 2277137/2279627 M. 9374718583. શૈલેષ બાફના

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533


જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ રૂ.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ રૂ.12,000/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેદ્દુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી રૂ.12,000/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઇટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

merino
ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
ફુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઇપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com

નર્મદા બંધ અને સ્ટેચ્યુની સુરક્ષા માટે ગોંડલ SRPની બટાલીયન વધી



આંતકવાદીઓનો સ્ટેચ્યુ ઓફ યુનિટી પર રેકી કરી હોવાનો આઈબીના રિપોર્ટ થી હાઈ એલર્ટ ઝોનમાં મુકાયું

રાજપીપળા : નર્મદા સરદાર પટેલની ૧૮૨ મીટર ઊંચી પ્રતિમાને બે આતંકી મલ્ટીપલ બૉમ્બ બ્લાસ્ટ કરી સ્ટેચ્યુ ઓફ યુનિટીની ધ્વસ્ત કરી શકે છે તેવું આઈ બી નું એલર્ટના પગલે સ્ટેચ્યુ ઓફ યુનિટીની સુરક્ષામાં વધારો કરાયો છે ત્યારે સોમવારે રજાના દિવસે પણ સુરક્ષા સજડ રહી હતી.

જમ્મુ કાશ્મીરમાં crpf ના કાફલા પર આતંકી હુમલા બાદ સમગ્ર દેશભરમાં સુરક્ષા એજન્સીઓ એલર્ટ પર છે,ત્યારે મહત્વપૂર્ણ એવા

નર્મદા પોલીસ અને SRP એક દમ સજ્જ છે : ચિરાગ પટેલ

આ બાબતે નર્મદા બટાલીયન SRP ના DYSP ચિરાગ પટેલે જણાવ્યું હતું કે હાલ કડક બંધોબસ્ત રખાયો છે. અને પ્રવાસીઓ, સ્થાનિક કર્મચારીના પણ આઈ કાર્ડ ચેક કરીને પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. કોઈ પણ પરિસ્થિતિ હોય નર્મદા પોલીસ અને SRP એક દમ સજ્જ છે.

નર્મદા ડેમ અને સ્ટેટ્યૂ ઓફ યુનિટી કે જેને વાઈટલ ઈન્સ્ટોલેશનની સુરક્ષા વ્યવસ્થા ઉભી કરાઈ છે.અને સુરક્ષા સઘન બનાવાઈ છે.હાલ નર્મદા પોલીસ અને srp નર્મદા બટાલીયનનાં ૮૦૦ થી વધુ જવાનો ખડેપગે છે ત્યારે હાલ જિલ્લાની અન્ય પોલીસને પણ અહીંયા તૈનાત કરાઈ છે.તો વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પણ સુરક્ષા સઘન કરાઈ છે.સમગ્ર પ્રિમાઈસીસમાં srp સહિત ખાનગી સિક્યોરીટી પણ એલર્ટ પર છે.ગુજરાત પોલીસના ૪૦૦ થી વધુ જવાનો srp ની ૯ કંપનીની સુરક્ષા ઉભી કરાઈ છે જોકે આજે સોમવાર હોવાથી સ્ટેટ્યૂ પ્રવાસીઓ માટે બંધ છે પરંતુ અહીં આવતા તમામ વાહનો અને તમામ વ્યક્તિઓનું સઘન ચેકીંગ કરાઈ રહ્યું છે.

વરિષ્ઠ પત્રકાર અમૃત વડિયાના ચાર પ્રેમ ગ્રંથોનું વિમોચન કરાયું

સમાજ સેવક ડૉ. જીતુભાઈ શાહે પુસ્તકોનું લોકાર્પણ કર્યું

સુરત

ઉંમરના વૃદ્ધાવસ્થાના પડાવે કોઈ કેટલી સંપત્તિ મિલકત વિશે નહીં પણ બાળકો અને તબિયત વિશે જ પૂછે છે. એટલે આજે સૌથી મોટી જરૂર છે, બાળકોને સંસ્કારો સિંચવાની અને હકારાત્મક અભિગમ કેળવી તંદુરસ્ત રહેવાની, એમ સિનીયર સિટીઝન ફોરમ ગ્રુપ અને શુભમ સાહિત્યના ઉપક્રમે વેલેન્ટાઈન ડે એ સંદેશના પત્રકાર, લેખક અમૃત વાડિયાના ચાર પ્રેમ ગ્રંથોના વિમોચન સમારોહના અધ્યક્ષપદેથી સમાજ સેવક વિપશ્યના વિશારદ ડૉ. જીતુભાઈ શાહે કહ્યું હતું. તેમજ શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહેવા માટે કસરત ઉપરાંત હકારાત્મક અભિગમનો ફાળો રહે છે. માણસે ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ હકારાત્મક બની આનંદિત પ્રસન્ન રહેવાથી સારા પરિણામ મળી શકે છે. આ પ્રસંગે સંદેશ (સુરતના) તંત્રી પ્રસન્ન ભટ્ટે સર્વાઈવલ ઓફ ફિટેસ્ટના ડાર્વિનના સિદ્ધાંતને ટાંકીને ક્રમશઃ પરિસ્થિતિ વિકટ બની રહી છે. ત્યારે સમાજ સામેના પડકારોનો સામનો કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે જાણીતા કવિ અંદાજમાં વેલેન્ટાઈન ડે અંગે ગઝલી રજૂઆત કરી શુભેચ્છા પાઠવી હતી.

અમૃત વાડિયાએ પ્રેમનું હાર્દ સમજાવી તે પ્રભુ પ્રત્યે દોરી જતો હોવાનું જણાવ્યું હતું અને તેમને લેખનનું વિશાળ ફલક આપવા બદલ 'સંદેશ'ના સીએમડી, તંત્રી ફાલ્ગુનભાઈ પટેલનો આભાર માન્યો હતો. વેલેન્ટાઈન ડે હોવાથી મહિલાઓ સાથે ચાર પ્રેમ ગ્રંથો પ્રેમની ઝંખના, પ્રેમની આરાધના, પ્રેમનું તર્પણ અને પ્રેમનું પુનરાવર્તનનું વિમોચન કરાયું હતું.

ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાત ભાજપના પ્રભારી ઓમ માથુર કેવડીયામાં છોટાઉદેપુર લોકસભા બેઠકની બંધ બારણે સમીક્ષા બેઠક યોજી



રાજપીપળા:૨૦૧૯ લોકસભાની ચૂંટણીઓના હાલમાં દિવસો ગણાઈ રહ્યા છે.દેશની બે મોટી પાર્ટીઓ ભાજપ-કોંગ્રેસે કાઉન્ટડાઉન શરૂ પણ કરી દીધું છે.ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને ગુજરાત ભાજપ પ્રભારી ઓમ માથુરે ગુજરાત લોકસભાની છોટાઉદેપુર બેઠક માટે કેવડીયામાં બંધ બારણે સમીક્ષા બેઠક યોજી જતી.જેમાં ગુજરાત ભાજપના સંગઠન મહામંત્રી ભીખુ દલસાણીયા, શબ્દશરણ બ્રહ્મભટ્ટ, આદિજાતિ મોરચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ડૉ.દર્શના દેશમુખ,રાષ્ટ્રીય આદિજાતિ આયોગના સભ્ય હર્ષદ વસાવા, નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ ઘનશ્યામ દેસાઈ, મહામંત્રી ગજેન્દ્રસિંહ જાડેજા સહિત લોકસભાની ૭ વિધાનસભાઓના પ્રમુખ,મહામંત્રી અને હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

સમીક્ષા બેઠક અગાઉ ઓમ માથુરે જણાવ્યું હતું કે ૨૦૧૯ લોકસભામાં ભાજપને ૨૦૧૪ કરતા વધુ બહુમતી મળશે અને ગુજરાતમાં ભાજપ તમામ ૨૬ સીટો જીતશે. મહાગઠબંધનની અમને ચિંતા નથી,અમારા કાર્યકર્તા અને પ્રધાનમંત્રીના કાર્યોને કારણે ૨૦૧૪ કરતા વધુ બેઠકો મળશે.વિપક્ષના મહાગઠબંધનની હાલત એવી છે કે અઠવાડિયામાં દરેક વાર પ્રમાણે પ્રધાનમંત્રી નિમશે મહાગઠબંધન એ સ્વાર્થબંધન છે.ઉત્તરપ્રદેશમાં ફોઈ ભત્રીજાનું ગઠબંધન બન્યું રહે તેવું ઈચ્છું છું.સરદાર સાહેબ ન હોત તો ભારતનું અસ્તિત્વ જ ન હોત,સરદાર સાહેબ સાથે અન્યાય થયો તે ઈતિહાસમાં છે.પીએમ મોદીએ સરદાર સાહેબની સૌથી મોટી પ્રતિમા સ્થાપીને એમને સાચી શ્રદ્ધાંજલિ આપી છે.જમ્મુ-કાશ્મીરના પુલવામાં હુમલા મુદ્દે જણાવ્યું હતું કે વિપક્ષે આતંકી હુમલા બાદ સરકારને યોગ્ય સાથ આપ્યો છે અત્યારે સમગ્ર દેશ એક સાથે છે,આતંકીઓને યોગ્ય સમયે જવાબ અપાશે.પુલવામાં હુમલા બાદ આપણી ફોર્સ એક્ટિવ થઈ ગઈ છે,મોદીએ તે જ દિવસે ફોર્સને છૂટ આપી છે.૫ વર્ષમાં અરુણાચલ અને ઉરીમાં જ આ પ્રકારે બનાવ બન્યા છે.અલગાવવાદીઓ સામે કાર્યવાહી કેમ નહી એનાં પ્રશ્ને ઓમ માથુરે જણાવ્યું હતું કે ત્યાં કોર્ટ ઈનવોલ્વ છે,રાહ જુવો કાર્યવાહી શરૂ થઈ ગઈ છે.

નવસારી જિલ્લા આરોગ્ય કેન્દ્રોમાં માનસિક રોગની સારવાર ઉપલબ્ધ

નવસારી

નવસારી જિલ્લાની સિવિલ હોસ્પિટલ ખાતે રાષ્ટ્રીય માનસિક આરોગ્ય કાર્યક્રમ અમલી છે. લોકોને માનસિક રોગ માટે નિદાન અને સારવાર ઝડપી મળી રહે અને દુર સુધી જવુ ન પડે તેમજ અંધશ્રધ્ધામાંથી બહાર આવે તે માટે સિવિલ હોસ્પિટલ દ્વારા ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના માનસિક રોગના સારવારની સુવિધા નજીકના સરકારી આરોગ્ય કેન્દ્ર પર મળી રહે તે હેતુથી માનસિક આરોગ્યની ઓપીડી(નિદાન અને સારવાર) શરૂ કરવામાં આવી છે.જેમાં કોટેજ હોસ્પિટલ વાંસદા ખાતે પ્રથમ અને ત્રીજો બુધવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી, સી.એચ.સી.ચીખલી ખાતે બીજો અને ચોથો બુધવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી, મેગુશ્રી હોસ્પિટલ બીલીમોરા ખાતે પ્રથમ ગુરૂવાર અને ત્રીજો મંગળવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી, સી.એચ.સી.ખેરગામ ખાતે બીજો અને ચોથો ગુરૂવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી, સી.એચ.સી.ગણદેવી ખાતે પ્રથમ મંગળવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી, સી.એચ.સી.ટાંકલ ખાતે પ્રથમ શુક્રવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી, સી.એચ.સી.મંદિર ખાતે પ્રથમ શનિવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી, સી.એચ.સી.રૂમલા ખાતે બીજો મંગળવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી, સી.એચ.સી.લીમઝર ખાતે બીજો શુક્રવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી, સી.એચ.સી.અંકલાછ ખાતે ત્રીજો ગુરૂવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી, સી.એચ.સી.અમલસાડ ગામ ખાતે ત્રીજો શુક્રવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી, સી.એચ.સી.અંબાડા ચોથો મંગળવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી અને સી.એચ.સી.ખડસુપા ગામ ખાતે ચોથો શુક્રવાર સવારે ૯-૦૦થી ૧૩-૦૦ કલાક સુધી સેવાઓ મળશે.તેમ સિવિલ સર્જન, નવસારીની યાદી જણાવે છે.

જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના કર્મચારીઓએ રેલી કાઢી : ડીડીઓને આવેદનપત્ર

વિવિધ પડતર પ્રશ્નોના ઉકેલ માટે સરકારની ઉદાસીનની સામે આરોપી કર્મચારીઓ અચોક્કસ મુદ્દતની હડતાળ પાડી છે

સુરત

ગુજરાત રાજ્યના આરોગ્ય કર્મચારીઓએ વિવિધ માંગણીના સંદર્ભે સરકાર સામે લડતનું રણશીંગુ ફૂંક્યું છે. આજે સુરત જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના કર્મચારીઓએ વિશાળ રેલી કાઢી ડીડીઓને આવેદનપત્ર આપી ફરી માંગણીઓ દોહરાવી હતી. આ રેલી ચોકબજાર ગાંધી પ્રતિમા પાસેથી જિલ્લા પંચાયત સુધીની હતી.

ગુજરાત રાજ્યનાં આરોગ્ય કર્મચારીઓના ૧૩ જેટલા વિવિધ પડતર પ્રશ્નો બાબતે સરકાર દ્વારા ઉદાસીનતા દાખવતા ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ ગાંધીનગર દ્વારા આદેશ મુજબ વિવિધ કાર્યક્રમો જાહેર કરી આદેશ આપવામાં આવેલ જે આદેશ અન્વયે આજરોજ સુરત જિલ્લાના તમામ કેડરોના ૮૦૦ થી વધારે આરોગ્ય કર્મચારીઓ ગાંધીબાગ ખાતે ઊમટી પડી. આરોગ્ય કર્મચારીઓની વિવિધ માગણીઓ સાથે રેલી કાઢવામાં આવી. પુલવામાં જવાનો શહીદ થવાના કારણે મૌન રેલી કાઢી જવાનોને પણ શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

રેલી ગાંધીબાગથી નીકળી ચોક ચાર રસતા થઇ જિલ્લા પંચાયત કચેરીના કેમ્પસમાં સભામાં ફેરવાઇ. જ્યાં સૌ પ્રથમ કેન્ડલ સળગાવી મૌન પાડી શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. સુરત જિલ્લાનો આરોગ્ય કર્મચારીઓ પોતાની પડતર પ્રશ્નોની માંગણી સાથે બ્લડ ડોનેશ જેવી સેવાકીય પ્રવૃત્તિ પણ કરતા આવ્યા છે. આરોગ્ય કર્મચારી પુલવામાં શહીદ થયેલા જવાનો માટે પોતે ફાળો કાઢી ફાળો એકઠો કરી મહાસંઘને પહોંચાડવાનું નક્કી કરવામાં આવ્યું છે. મહાસંઘ દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડ ફાળો આપવામાં આવશે.

રેલીમાં ઊમટેલા આરોગ્ય કર્મચારીઓએ એક્કી અવાજે જણાવ્યું કે, જ્યાં સુધી સરકાર આપણી માંગણી ના સંતોષે ત્યાં સુધી સુરત જિલ્લાના ૮૫૩ કર્મચારીઓ અચોક્કસની મુદ્દતની હડતાળ પાડશે. તા. ૧૫/૨/૨૦૧૯ના રોજથી શરૂ થયેલી આરોગ્ય કર્મચારીઓની ચોક્કસની મુદ્દતની હડતાળથી આરોગ્ય વિષયક સેવાઓને ગંભીર અસર પડી છે. ટી.બી.ના દરદીઓને મૂકવામાં આવતાં ઈન્જેકશનો બંધ થઈ ગયા છે. લેપ્રસી પેશન્ટને દવા બંધ થઈ ગઈ છે. સગર્ભા માતાની તપાસ, ધનૂર વિરોધી રસી, નાના બાળકોને પોલીયોના ટીપા તેમજ રસીકરણ સહિતની આરોગ્યલક્ષી કામગીરીને વ્યાપક અસર પહોંચી હતી. એમ અશ્વિન એચ. પટેલ, ઉપપ્રમુખ ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.







રાજપીપળા પાલિકામાં ત્રણ વર્ષ બાદ વિવિધ સમિતિઓની રચના થઈ

વિપક્ષ નેતા મુંતઝીરખાન શેખે જણાવ્યું હતું કે પાલિકા પ્રમુખે લગ્ન સીઝનના કારણે અગાઉનું બોર્ડ મોકૂફ રાખ્યું હતું અને આજના બોર્ડમાં સમિતિઓની રચના કરી એ ખુશીની વાત છે પરંતુ ૧/૪/૨૦૧૮થી ૩૦/૬/૨૦૧૮ સુધીના કરોડોના હિસાબોમાં સત્તા પક્ષે બિલો રજૂ નથી કર્યા એટલે અમે એ હિસાબો નામંજુર કર્યા છે.ભાજપે કાસ્ટિંગ મતના જોરે હિસાબો મંજુર કર્યા છે પણ કાસ્ટિંગ મત હિસાબી બોર્ડમાં ના આવે.આ મામલે અમે સુરત રિઝીઓનલ કમિશનરને રજુઆત કરીશું.



કોને કોને સમિતિઓ મળી

કારોબારી સમિતિ અલકેશસિંહ ગોહિલ,ટાઉન પ્લાનિગ-સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના-જૈવિક વિવિધતા વ્યવસ્થાપન સમિતિમાં નીતા પંડ્યા,બાંધકામ-ભૂગર્ભ ગટર યોજના સમિતિમાં પ્રતીક્ષા પટેલ,સેનેટરી-એપોઈન્ટમેન્ટ-લાઈટ સમિતિમાં કાજલ કાછીયા,ગાર્ડન સમિતિ-લાયબ્રેરી સમિતિમાં લીલા વસાવા,વાહન-પરચેઝ અને લીગલ સમિતિમાં જીજ્ઞેશ કમાન,એપલેટ-રમત ગમત-વોટર વર્કર્સ સમિતિમાં કિંજલ તડવીની ચેરમેન તરીકે વરણી કરાઈ છે.

રાજપીપળા પાલિકા વિપક્ષના વિરોધ વચ્ચે પણ કાસ્ટિંગ મતના સહારે બોર્ડમાં હિસાબો મંજુર,તમામ સમિતિઓ પણ ભાજપ પાસે રહી. રાજપીપળા પાલિકા સભ્યોએ બોર્ડ મિટિંગની શરૂઆતમાં દેશના શહીદ જવાનો માટે બે મિનિટનું મૌન પાડ્યું હતું એ બાદ મિટિંગની શરૂઆત કરાઈ હતી

રાજપીપળા :રાજપીપળા પાલિકામાં વર્ષ ૨૦૧૫માં ભાજપ પૂર્ણ બહુમત સાથે સત્તામાં આવી હતી.ત્યારથી લઈને અત્યાર સુધી વિવિધ સિતિઓી રચના ન થતા ભાજપના જ અમુક સોમાં છૂપો રોષ જોવા મળ્યો હતો.રાજપીપળા પાલિકા પ્રમુખની અઢી વર્ષની ટર્મ બાદ બીજી ટર્મ માટે પ્રમુખ તરીકે જીગીશા ભટ્ટ ચૂંટાઈ આવ્યા હતા.સોમવારે રાજપીપળા પાલિકા સભાખંડમાં જીગીશા ભટ્ટના અધ્યક્ષ સ્થાને બોર્ડ મિટિંગનું આયોજન કરાયું હતું.

રાજપીપળા પાલિકામાં કુલ ૨૮ સભ્યો માંથી ૪ સભ્યોના કથિત રાજીનામાં પ્રકરણ હાલ હાઈકોર્ટમાં છે.જેથી ભાજપ પાસે ૧૨ અને કોંગ્રેસ-અપક્ષ પાસે ૧૨ એમ ૨૪ સભ્યો આ બોર્ડ મિટિંગમાં હાજર રહ્યા હતા.જોકે સત્તા પક્ષ અને વિપક્ષના સરખે સરખા સભ્યો હોવા છતાં પ્રમુખના કાસ્ટિંગ મતના સહારે બોર્ડમાં હિસાબો મંજુર થયા હતા ઉપરાંત તમામ સમિતિઓ ભાજપના ખાતામાં જ ગઈ હતી.રાજપીપળા પાલિકા સભ્યોએ બોર્ડ મિટિંગની શરૂઆતમાં દેશના શહીદ જવાનો માટે બે મિનિટનું મૌન પાડ્યું હતું એ બાદ મિટિંગની શરૂઆત કરાઈ હતી.તો પાલિકા પ્રમુખના કાસ્ટિંગ મત મુદે પણ વિપક્ષી સભ્યોએ વિરોધ દર્શાવ્યો હતો.બીજી જુ ચ્યુ મિટિંગમાં જ અપક્ષ સભ્ય સલીમ સોલંકીએ રાજપીપળા શહેરમાં પાણીની સમસ્યાઓ અને ગંદકી બાબતે રોષ વ્યકત કરી આ મામલે વહેલું નિરાકરણ લાવવા પ્રમુખ અને પાલિકા ચીફ ઓફિસરને રજુઆત કરી હતી.



પાકિસ્તાન મુર્દાબાદના નારા સાથે નર્મદા મુસ્લિમ સમાજે આપી શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ

રાજપીપળા : રાજપીપલા ખાતે રવિવારે રાત્રે નર્મદા જિલ્લા સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા એક કેંડલ માર્ચ યોજી પુલવામાં શહીદ થયેલા સેનાના જવાનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી જેમાં શહીદ જવાન અમર રહો,પાકિસ્તાન મુર્દાબાદના નારા લગાવી નર્મદા જિલ્લામાં હિન્દૂ મુસ્લિમ એકતાના દર્શન કરાવ્યા હતા અને પાકિસ્તાનની આંતકવાદને પનાહ આપનારી હરકતને વખોડી કાઢી હતી.

આજે સાપુતારામાં શાળા શિક્ષકો તથા આચાર્યોની ચિંતન શિબિર

આહવા

આગામી તા.૧૯/૨/૨૦૧૯નાં રોજ ડાંગ જિલ્લા સાપુતારા ખાતે આવેલી સાંદીપની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા ખાતે, સવારે ૧૧ થી સાંજના ૫ વાગ્યા દરમિયાન એક ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

ડાંગ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી મણિલાલ ભુસારા તરફથી મળેલી એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર ડાંગ જિલ્લાની તમામ સરકારી, ગ્રાંટેડ, નોન ગ્રાંટેડ, સમાજ કલ્યાણ વિભાગ સંચાલિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના તમામ શિક્ષકો, તથા આચાર્યો માટે હું બનુ જયોતિર્ધર વિષયક એક દિવસીય ચિંતન શિબિરનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેમા વાંચે ગુજરાત અભિયાનના પ્રેરક શ્રી મહાદેવભાઇ દેસાઈ મુખ્ય વક્તા તરીકે હાજરી આપશે. આ શિબિરમાં જિલ્લાના સૌ શિક્ષકો તથા આચાર્યો ને જોડાવા માટે અનુરોધ કરાયો છે.

તા.૨૮'મીએ ડાંગ જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

આહવા

મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક કાર્યક્રમ અંતર્ગત પ્રતિમાસ યોજાતા ફરિયાદ નિવારણ કાર્યક્રમોની શ્રેણીનો, માહે ફેબ્રુઆરી માસનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ, આગામી તા.૨૮/૨/૨૦૧૯નાં રોજ, સવારે ૧૧ વાગ્યે, ડાંગ કલેક્ટરશ્રીના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરીના સભાખંડમાં આયોજિત કરાયો છે.

જિલ્લા કક્ષાના આ ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં જિલ્લાના પ્રજાજનોને તેમના પ્રૉ, ફરિયાદો, રજુઆતો તા.૨૨/૨/૨૦૧૯ સુધીમાં સંબંધિત કચેરીઓને મોકલી, તેની એક નકલ કલેક્ટર કચેરીને મોકલી આપવા જણાવાયું છે. આ કાર્યક્રમમાં ન્યાયની કોર્ટમાં ચાલતા વિવાદ, મહેસૂલી કોર્ટને લગતા પ્રૉ, સબ જ્યુડિશિયલ પ્રૉ, તથા નોકરીને લગતા પ્રૉ લક્ષમાં લેવાતા ન હોઈ, અરજદારોને તેવા પ્રકારના પ્રૉ રજુ નહીં કરવા પણ જણાવાયું છે. અરજદારોએ તેમના પ્રૉ સુવાચ્ય અક્ષરોમાં લખી, તેના કવર ઉપર જિલ્લા સ્વાગત-ફરિયાદ નિવારણ કાર્યક્રમ : તા.૨૮/૨/૨૦૧૯ એમ અચૂકપણે લખવા, તથા ફરિયાદ નિવારણ કાર્યક્રમના દિવસે અરજદારે દર્શાવેલ સ્થળે સમયસર ઉપસ્થિત રહેવા પણ એક અખબારી યાદી દ્વારા જણાવાયું છે.

ચાંદોદથી કેવડિયા રેલવે લાઈનનો તિલકવાડાના ખેડૂતો દ્વારા વિરોધ : ગુજરાત રાજ્ય ખેડૂત સમાજે કરી વિઝીટ

આ ચાંદોદ થી કેવડિયા ૪૦ કિમિ રેલવે લાઈન નાખવાની સરકાર ારા કામગીરી શરૂ કરી છે જેમાં સરકારના કોન્ટ્રાક્ટરો ખેડૂતોની મંજૂરી વગર ખેતરોમાં ગુસી પાકને નુકસાન પહોંચાડી રહ્યા છે સાથે અધિકારીઓ આ ખેડૂતોને જંત્રીના હિસાબે વળતર ચુકવવાની વાત કરે છે ત્યારે જમીન સંપાદન ૨૦૧૩ ના કાયદાની જોગવાઈ પ્રમાણે બજાર કિંમત કરતા ૪ ઘણું વળતર ચૂકવવામાં આવે એટલુંજ નહિ આ વિસ્તારમાં ૧૦૦ ટકા નાના સીમાંત ખેડૂતો છે જેમની પાસે ૨ વીંઘા કે તેથી પણ ઓછી જમીન છે ત્યારે તે જમીન પણ ના લઈ શકાય અથવા વધુ વળતર ચુકવવાની જોગવાઈ છે ત્યારે સરકાર આ તમામ નીતિ નિયમો નેવે મૂકી પોતાના કાયદા લગાવી રહી છે જે ખોટું છે, અમે ખેડૂતોના હિત માટે લડીશું જરૂર પડે કોર્ટ ના દ્વાર પણ ખખડાવીશું.

જયેશ પટેલ પ્રમુખ -ગુજરાત રાજ્ય ખેડૂત સમાજ

વર્ષો પહેલા નારણ રાઠવા રેલવે મિનિસ્ટર હતા ત્યારે જેમ હાલ વડોદરા થી છોટાઉદેપુર લાઈન ચાલુ છે એજ લાઈન છુછાપુરા થી તણખલા થઈ ને કેવડિયા આવે જ્યાંથી રાજપીપલા જોઈન્ટ થઈ જાય આમ બે બાજુથી પ્રવાસીઓ આવી શકે એ લાઈન મંજુર થઈ અને સર્વે પણ થયો સાથે જમીનો સંપાદિત પણ થઈ ગઈ છતાં પણ નવી લાઈન કરી, જો જૂની લાઈન રાખી હોત તો હાલ રેલવે લાઈન ચાલુ થઈ ગઈ હોત.

સંદીપસિંહ માંગરોલા ચેરમેન વટારીયા સુગર

રાજ્ય ખેડૂત સમાજ મુખ્યમંત્રીને મળશે, પી.એમ ને લખશે પત્ર : ખેડૂત વિરોધી નિર્ણય સામે સમાજ ખડે પગે ઉભો રહેશે

રાજપીપળા : સ્ટેચ્યુ ઓફ યુનિટીને લઈને પ્રવાસીઓ માટે રેલવે સુવિધા ઉભી કરવા સરકાર દ્વારા ચાંદોદ થી કેવડિયા ૪૦ કિમિ લાંબી રેલવે લાઈનની કામગીરી ચાલી રહી છે ત્યારે સરકાર રેલવે લાઈન માટે ૩૬ મીટર પહોંળી જમીન સંપાદિત કરી રહી છે અને જે જંત્રી કરી માત્ર ૨૫ રૂપિયે મીટરના ભાવે રૂપિયા આપવાની વાત કરી રહી છે. ત્યારે તિલકવાડા વિસ્તારમાં ૧૮ ગામોને અસર પહોંચે તેમ છે, ૧૦૦ થી વધુ ખેડૂતોની જમીનો આ રેલવે લાઈનમાં જતી હોય મોંઘી જમીન આપવા ખેડૂતો તૈયાર નથી ત્યારે ખેડૂતોમાં વિરોધ વધી રહ્યો છે અને સરકાર નીતિ નિયમો નેવે મૂકી સંપાદિત કરી રહી હોય ખેડૂતોની ફરિયાદ ને લઈને આજે ગુજરાત રાજ્યના ખેડૂત સમાજ સંઘઠનના હોદેદારોએ તિલકવાડાની મુલાકાત લીધી જેમાં પ્રમુખ જયેશ પટેલ, ભરૂચ નર્મદા ખેડૂત સમાજ પ્રમુખ મહેન્દ્રસિંહ કરમરીયા, વટારીયા સુગરના ચેરમેન સંદીપસિંહ માંગરોલા, દક્ષિણ ઝોન પ્રમુખ જયેશ પટેલ સહીતના આગેવાનોની ટીમે આજે તિલકવાડાના ગામોની મુલાકાત લીધી અને ખેડૂતોને મળ્યા હતા. ખેડૂતોએ પોતાની સાથે થતા અન્યાયની વાત આ કમિટીને કરી હતી. અને આગામી ૨૧ ફેબ્રુઆરીના રોજ મોટી સંખ્યામાં ખેડૂતોની હાજરી સાથે જિલ્લા કલેક્ટર નર્મદાને આવેદન પત્ર આપશે અને સાથે આ સંદર્ભે મુખ્ય મંત્રીને મળશે અને પીએમ ને પણ આ બાબતે વધુ વળતર આપવા રાજ્ય ખેડૂત સમાજ સંગઠન પત્ર લખશેની વાત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે નર્મદા જિલ્લામાં પહેલા છોટાઉદેપુર થી છુછાપુરા તણખલા અને કેવડિયા આ સાથે કેવડિયા થી રાજપીપલા જોડતી રેલવે લાઈન મંજુર થઈ હતી એટલે કેવડિયા ખાતે વડોદરા થી સીધી છોટાઉદેપુર થી પ્રવાસીઓ આવી શકતા જયારે અંકલેશ્વર થી રાજપીપલા થઈ કેવડિયા પ્રવસીઓ આવી શકતા આમ બે લાઈનો ખુલ્લી થતી જે લાઈનોનો સર્વે પણ થઈ ગયો છે છતાં સરકાર એ લાઈન કોંગ્રેસ સરકારની યોજના ગણાવી આ નવી યોજના માત્ર નેતાઓના મળતીયાઓને સાચવવા નાખવામાં આવી રહી છે એવો પણ ખેડૂતો હાલ આક્ષેપ લગાવી રહ્યા છે.

વરાછામાં પ્રેમિકાના બે પ્રેમી બાખડ્યાં : એકે બીજાને ચપ્પુ માર્યુ

સુરત

બબ્બે યુવક સાથે પ્રેમ સંબંધ રાખનાર યુવતીના બન્ને પ્રેમી જાહેરમાં બાખડ્યાં હતા. એક પ્રેમીએ બીજા પ્રેમી સાથે ઝઘડો કરી ચપ્પુના ઘા ઝીંકયાનો બનાવ વરાછા પોલીસ મથકે નોંધાયો હતો.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વરાછા જનતા નગર સોસાયટીમાં રહેતા પંકજભાઈ ધીરૂભાઈ બારૈયાએ આરોપી મુકેશ ભરવાડ તથા બીજા બે અજાણ્યા વ્યકિત વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીને તેની પ્રેકિા સાથે છેલ્લાઆઠ માસથી પ્રેમ સંબંધ હતા. આ પ્રેમિકાના આરોપી મુકેશ ભરવાડ સાથે પણ પ્રેમ સંબંધ હતો. જેથી આરોપી મુકેશ ભરવાડ ફયિરાદીને વારંવાર ફોન કરી એલએચ રોડ ભરત નગર અગ્નિદેવ સોડાની દુકાન પાસે બોલાવ્યો હતો અને આરોપીઓએ ભેગા મળી ફરિયાદીને ઢીક-મુક્કીનો માર મારી ચપ્પુના ઘા ઝીકી ઈજા પહોંચાડી હતી.ત મજ આજ પછી દેખાણો તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વરાછા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં
આપનું રજીસ્ટ્રેશન કરાવો અને
૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્ષનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
- જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૫ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ કલાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુદ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

For ALL SEASONS & ALL OCCASIONS
Treat Resort SILVASSA
24 acres of sheer luxury
Treat Water Park
A mind-blowing leisure spot
• 24 Acres Landscaped Gardens
• 194 Luxurious Rooms • Water Park
• Colorful Fountains • Wellness Spa
• Cricket/ Football Indoor Games
• Entertainment Programs
• 8 Banquet Halls, Ranging from 2000 sq.ft. to 13000 sq.ft. each.
: SURAT :
0261-2336676, +91-9824124900

EXCLUSIVE BRANDED BEDSHEETS
+ સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
+ વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
+ લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
+ સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
+ લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
+ સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
+ લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
+ એક્સક્લુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
+ હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
+ શેતરંજી + આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકૂંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોન: ૨૪૩૨૦૮૬-૨૪૨૫૧૦૨

નર્મદા જિલ્લાની એક માત્ર વડી રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં સમયસર સ્ટાફ ન આવતો હોવાની બુમ



કેટલાક દર્દીઓની ફિયાદ બાદ અમે ખુદ તપાસ કરી તો સાંજે ચાર થી છ ખુલતી હોસ્પિટલમાં ૪-૧૫ થવા છતાં બારીઓ અને ઓપીડી ને તાળાં જોવા મળ્યા સમય બાબતે આર એમ ઓ સાથે ટેલિફોનિક વાત કરતા એ ખુદ પણ હાજર ન હતા પરંતુ સમય માટે સ્ટાફનું ધ્યાન દોરવા જણાવ્યું

રાજપીપળા : ઈન્ચાર્જોના ભરોસે જાણે ઓક્સિજન પર ચાલતી રાજપીપળા સિવિલ હોસ્પિટલ માં એક બાદ એક લાલીયાવાડી સામે આવે છે જેમાં કેટલાક દર્દીઓની ફરિયાદ બાદ સોમારે સાંજે એ સિવિલ પર પોહ્ચ્યા ત્યારે લઘભગ ૪-૧૫ વાગવા છતાં ઓ પી ડી ને તાા લટકતા હતા અને દીઓ ?ટાફ અને ડોક્ટરોની રાહ જોઈ બેઠા હતા ત્યારે આ માટે અમે હોસ્પિટલના આર એમ ઓ ડૉ.કોઠારીનો સંપર્ક કરવા રયાસ કર્યો પણ એ ખુદ હાજર ન હોય ટેલિફોનિક વાત માં એમને જણાવ્યું કે હું બહાર છું પણ ૪-૧૫ થવા છતાં સ્ટાફ હાજર નથી એ બાબતે પૂછતાં ડૉ.કોઠારી એ હું સ્ટાફનું ધ્યાન દોરીશ એમ કહી બચાવ કર્યો હતો

જોકે દર્દીઓની ફરિયાદ મુજબ ખરેખર આ હોસ્પિટલ માં સમયનું પાલન થતું નથી એમ લાગ્યું ત્યારે ત્યાં મુકેલ હાજરીનું બાયોમેટ્રિક મશીન શું કામનું...? શું આ મશીન સાથે પણ કોઈકે છેડછાડ કરી હશે અને જો મશીન બરાબર કામ કરતુ હોય તો સ્ટાફ મોડો આવવા બાબતે અધિકારીઓએ કેમ પગલાં ન લીધા...? જોકે સાંભળવા મળેલી વાત મુજબ અમુક અધિકારીઓ પણ સમયનું યોગ્ય પાલન નથી કરતા તો અન્ય સ્ટાફને શું કહી શકે...?

જો કોઈ દર્દી સિવિલ ના સમય કરતા પાંચ મિનિટ મોડો પડે તો સાંજે કે કાલે આવજો ટાઈમ પૂરો થઈ ગયો તેમ કહી તગેડી મુકાય છે ત્યારે ખુદ સ્ટાફ દસ પંદર મિનિટ લેટ પડે જેમાં બીમાર દર્દીઓ અટવાય ત્યારે એ કોને ફરિયાદ કરે...? શું આ છે જિલ્લાની વડી સરકારી હોસ્પિટલનું રેઢિયાળ તંત્ર ...!? કોણ પગલાં ભરશે કેમકે જવાબદાર અધિકારી પણ ત્યાં મળ્યા નથી ત્યારે રામ રાજમાં પ્રજા સુખી ની માફક ઈન્ચાર્જોના રાજમાં સ્ટાફ સુખીઅને બીમાર દર્દીઓ બિચારા દુ:ખી જેવો ઘાટ જોવા મળ્યો.

ઝગડીયા જીઆઈડીસીમાં આવેલ પ્રહરિત પીગમેન્ટને ગેરકાયદેસર પ્રદૂષિત પાણીના નિકાલ માટે ક્લોસર આપતી જીપીસીબી

ગત તારીખ નવમી ફેબ્રુઆરી ના રોજ પલસાણા નજીક ખાડી માં ટેન્કર દ્વારા કેમિકલ ખાલવવા જતા ભરવાડ જ્ઞાતિ ના બે નવયુવાન નું મૃત્યુ થયું હતું અને વાહન ચાલક ને ગમ્ભીર હાલત માં હોસ્પિટલ માં દાખલ કરવામાં આવ્યા હતા . કડોદરા પોલીસ અને જીપીસીબી ની સંયુક્ત તપાસ માં આ પ્રકરણ માં ઝગડીયા જીઆઈડીસી ની પ્રહરિત પીગમેન્ટના CCTV ફૂટેજ માં માલુમ પડ્યું કે આ ટેન્કર પ્રહરિત પીગમેન્ટ માં દેખાયું હતું અને તપાસ નો વિગતવાર રિપોર્ટ ગાંધીનગર ની જીપીસીબી ની વડી કચરીએ મોકલ્યા હતા.જેમાં મળતી માહિતી મુજબ જીપીસીબી દ્વારા તાત્કાલિક અસર થી પ્રહરિત પીગમેન્ટ ને ક્લોસર આપવામાં આવ્યા હોવાના સમાચાર મળ્યા છે.

ઝગડિયા જી.આઈ.ડી.સી. ની આ એજ કમ્પની છે કે જેમાં ગત પહેલી ફેબ્રુઆરીના ના રોજ વરસાદી કાશ માં પોતાનું એફ્લુએન્ટ છોડતા ગામ આગેવાનોએ જીપીસીબી ને બોલાવી ફરિયાદ કરી હતી જેનો રિપોર્ટ પણ વડી કચેરી ગાંધીનગર મોકલી કાર્યવાહી કરવામાં આવી હતી આમ એકજ કમ્પની ના બે બનાવો ના રિપોર્ટ ગાંધીનગર પહોંચ્યા હતા.

ઔદ્યોગિક અગ્રણી અને રાજકીય વગ ધરાવતા સંચાલક ની આ કમ્પની ને ક્લોસર અપાતા ઔદ્યોગિક આલમ માં ફફડાટ ફેલાયો છે. પહેલી ફેબ્રુઆરી ની એફ્લુએન્ટ ના ગેરકાયદેસર ના નિકાલ બાબતે કમ્પની સંચાલકો દ્વારા ત્રણ ગામના સરપંચો, ડે. સરપંચો અને અન્ય આગેવાનો વિરુદ્ધ ધમકી, ખંડણી અને એટરોસિટી સીટી ની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી જેમાં આગેવાનો ઘર પકડ થી બચવા અને ફરિયાદ રદ કરાવવા ગુજરાત હાઈ કોર્ટે ના શરણે ગયા છે અને ખોટી ફરિયાદ ની રજુઆત કરી છે જે કેશ માં તેમને હાલ તો સ્ટે મળ્યો છે. અને તેમની તપાસ પૂર્ણ ના થાય ત્યાં સુધી ધરપકડ ના કરવી એવા હુકમ થયા છે.

સામે પક્ષે સરપંચો દ્વારા કરવામાં આવેલ અરજી અને એટ્રોસિટી ની ફરિયાદ માં FIR દાખલ ના થતા એ રજુઆત જિલ્લા વડા તથા કોર્ટ ને કરવામાં આવી છે અને તે બાબતે તપાસ ચાલુ છે. આમ હાલ આ બનાવો ઔદ્યોગિક આલમ અને તાલુકા માં ચર્ચા નો વિષય બન્યો છે કે જેમાં રોજ નવા નવા રાજકીય અને કાયદાકીય દાવ રમાવા ના સમાચાર મળતા રહે છે.

સ્ટેચ્યુ જોવા આવતા આર્મી અને સુરક્ષા જવાનોને મફત ભોજન પીરસ્યું : અત્યાર સુધી ૧૦૦ જેટલા જવાનોને જમાડ્યા




CISF ના જવાનોએ બિલ ચુકવવાની જીદ કરતા અંતે જે બિલની રકમ છે તે ફંડ રેઝિંગ કરી શહીદો માટે મોકલાશે

રાજપીપળા : જમ્મુ કાશ્મીરના પુલવામાં થયેલ આંતકવાદી હુમલા બાદ આજે ઠેર ઠેર દેશની જનતા રોડ પર ઉતરી શહીદો ને શ્રદ્ધાંજલિ આપવા અને આંતકીઓ સામે રોષ પ્રકટ કરી રહી છે ત્યારે જે જવાનો રાત દિવસ દેશની સુરક્ષા કરી રહ્યા છે, તેમના પ્રત્યે દેશની જનતાને ઈજ્જત અને માન છે. જયારે કેવડિયા કોલોની નજીક ભૂમાલિયા ગામ પાસે આવેલ સરદાર સરોવર હોટેલના સંચાલકે જ્યારથી હોટેલ શરૂ કરી ત્યારથી ફૌજી જવાનો માટે ભોજન ફી એવું મેનુમાં પહેલા પાને લખ્યું છે. અને પોતાની હોટેલમાં પ્રવાસી તરીકે પણ જમવા આવે અને ખબર પડે કે એ ફૌજી છે,આર્મી મેન છે એટલે તેમની પાસેથી બીલ વસુલવામાં આવે નહિ, આમ સ્ટેચ્યુ પર રાજ્યના કેટલા નિવૃત આર્મીમેનો અને CISF જવાનો પોતાના પરિવાર સાથે ફરવા આવ્યા હોવાનું જાણવા મળતા આ હોટેલના માલીક મૌલિક કાકડિયા એ આ તમામ સૈનિકોનો કોન્ટેક્ટ કર્યો અને તેમને જમવા માટે નિમંત્રણ પાઠવ્યું અને ૧૫૦ જેટલાને ભોજન કરાવ્યું, જોકે તેમને બિલ ચુકવવાની જીદ કરતા હાટેલ સંચાલકે તેમનું માન રાખવા બીલ તો લઈ લીધું પરંતુ તેમાં ૫૦૦૦ વધુ ઉમેરી ૧૭૦૦૦ જેટલી રકમ શહીદ વીરોના માટે ઈન્ડિયન આર્મી રાહત ફંડમાં જમા કરાવશે તેમ જણાવ્યું હતું.

આ બાબતે મયુર કાકડિયાએ જણાવ્યું હતું કે આર્મી ફૌજી કે દેશની સુરક્ષા માટે કામ કરતા જવાનો માટે હોટેલના પ્રારંભથી અમે ફી જમવાનું રાખ્યું છે અત્યાર સુધી ૯૦ થી ૧૦૦ જેટલા આર્મી, એરફોર્સ અને નેવીના જવાનો નિવૃત ઓફિસર્સ આવી ચુક્યા છે જેમને અમારા મુખ્ય આતિથિ બનાવવાનો લ્હાવો મળ્યો જેતજી અમને ખુબ આનંદ થયો જોકે આજે ૧૫૦ જેટલા જવાનો પોતાના પરિવારો સાથે આવતા હોવાની બાબતે અમે સામેથી કોન્ટેક્ટ કર્યો અને તેમના માટે અલાયદી વ્યવસ્થા કરી ભોજન જમાડ્યું એક ઉમદા કામ કર્યું છે ત્યારે સૌ કોઈએ આ મેનેજમેન્ટની કામગીરીને બિરદાવી હતી.

કેવડિયાની એક હોટેલે તેની મેનુમાં આર્મીમેનો માટે ભોજન ફ્રી રાખ્યું હતું : હોટેલ મેનેજમેન્ટે સામેથી કોન્ટેક કરી નિમંત્રણ આપ્યું

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

હોલસેલ ભાવે છુટકમાં
● કોટન ત્થા પોલીસ્ટર ધોતીજોટા
● લાલ-પીળા ભગવા અબોટીયા
● લાલ ગમછા (અંગુછા)
● ધાબળા - પોલાર બ્લેન્કેટસ
● સોલાપુરી ચારસા
સીંગલબેડ તથા ડબલ બેડમાં
➨ પ્રીન્ટેડ બેડશીટસ (100% કોટન)
➨ મીન્ક બ્લેન્કેટસ
શુભ પ્રસંગો તથા લગ્ન પ્રસંગે વડીલોના સન્માન કરવા માટે "કાશ્મીરી શાલ"
ફોલ્ડીંગ મચ્છરદાની
મચ્છરના ત્રાસથી બચવા
દરેક સાઈઝમાં ફોલ્ડીંગ મચ્છરદાની

ગોળ તથા ચોરસમાં સીંગલબેડ, ડબલબેડ તેમજ દરેક નાની મોટી સાઈઝમાં સુપીરીયર ક્વોલીટીની તૈયાર મચ્છરદાની મળશે.
"છોટા કુબેર" કાપડવાલા
બરાનપુરી ભાગળ, મેઈન રોડ, કાપડબજાર, સુરત.
ફોન : ૬૫૭૧૫૭૧, ૯૪૨૬૮૯૧૪૯૭

3000/- Rebonding Smoothing & straightening
Niyati BEAUTY PARLOUR
9913736223, 9106322559
300/- Facial Waxing Hands And Legs Eyebrows
800/- D Taning Facial, Full Waxing Only Hands With Arms Half legs, Hair Spa Taning Spa Pedicure, Ags, Eyebrows
1000/- Menicure, Pedicure, Hair Spa Facial Hand & Legs Waxing, Eyebrows, Bleach
500/- Facial Waxing Only Hands With Arms Manicure Hair Spa Eyebrows
F/9 Shivam Complex, Tulsidham Zadeshwar Road, Bharuch.

SINGAPURI FASHION
FABRICS, TAILORING & ETHNIC

સુટ,શેરવાની, ડિઝાઇનર પઠાણી, કુર્તા પાયજામા, સાફા, મોજડી, જેવી દુલ્હા કલેક્શન ની રેન્જ એક જ જગ્યા એ જોવા પધારો.
0261-2417767
૧ પટેલ મોટર ની પાસે, રાણીતાલાબ, લાલગેટ સુરત

બહેરાશના સર્વશ્રેષ્ઠ મશીનો

100% અદ્રશ્ય મશીન
વર્લ્ડવાઇડ ૪ વર્ષની વોરંટી*
હાલની લેટેસ્ટ ટેકનોલોજી
મેડ ઈન યુ.એસ.એ.

અન્ય કોઈપણ બ્રાન્ડના હીયરીંગ એઈડ પર ભારતની સર્વશ્રેષ્ઠ કીંમતની ચેલેન્જ તો ખરી જ
સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે રીએમ્બર્સમેન્ટ યોજના ઉપલબ્ધ
બેસ્ટ સર્વિસ, બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ પ્રાઈઝ
● ઈન્ટરનેશનલ વર્લ્ડવાઈડ વોરંટી
● લેટેસ્ટ ટેક્નોલોજીના ઓટોમેટીક હીયરીંગ એઈડ
● ટીવી-મોબાઈલના અવાજ પણ સરળતાથી સાંભળી શકશો
● રીચાર્જેબલ હીયરીંગ એઈડ
● જુના મશીન પર એક્ષચેન્જ ઓફર ઉપલબ્ધ
Softone An Advance Audiology Speech & Hearing Clinics Pvt. Ltd.
(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
વલસાડ, નવસારી, બારડોલી, ભરૂચ અને બરોડામાં પણ બ્રાન્ચ ઉપલબ્ધ છે.
સુરત: એફ-૧૮/૧૯, પેરીસ પ્લાઝા, પહેલો માળ, ટોરેન્ટ પાવરની બાજુમાં, રીલીફ રેસ્ટોરન્ટની સામે, સીનેમા રોડ, દીલ્હી ગેટ. સુરત: મો. 75670 00800
અડાજણ: ગુજી-૬૦, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, શ્રીજી આર્કેડની બાજુમાં, આનંદમહલ રોડ, અડાજણ. મો. 75670 08000, 90999 05270

THICKSHAKE NEW VARIETY
રજવાડી કીંગ | રજવાડી ક્વીન
મખ્ખન ભોગ

Extra Ordinary Flavours of 51 RAINBOW ice creams
Special offer 150/- 100/-
Service Available
સુરત રેલ્વે સ્ટેશનની સામે. સંપર્ક: +91 9879217786

નવા રંગરૂપ અને વોટર પાર્ક સાથે

મોદી રીસોર્ટસ & એમ્યુઝમેન્ટ પાર્ક (ગુજ.) પ્રા. લિ.
સ્કુલ, ગ્રૂપ પ્રવાસ તથા લગ્નપ્રસંગ માટે ઉત્તમ રીસોર્ટસ
ઉમરાટ બીચ - નવસારી
www.modiresorts.com
Ph.: 99250 08830
97272 56004